





શ્રીમદ્ જયંતિ સ્મૃતિ વિશેષાંક

# અંતિમ અભિલાષ!....

....હું હવે ઝાઝો સમય કાઢીશ નહિ. પણ માનો કે હું વધારે જીવું તો આ મહુડી પ્રદેશમાં એક ગુરુકુલ માટે પ્રયત્ન કરૂં કે જેમાંથી સમર્થ જૈનો બને એવા પિતાઓ તૈયાર થાય અને સમર્થ આચાર્યો બને એવા નિઃસ્પૃહી નિવડે તથા નેતાઓ થવાને ભોગ આપનારા પણ પાકે. આ કાર્ય હું ન કરી શકું તો અજિતસાગરસૂરિજી અને સૌ શિષ્યો તે કરો એમ હું ઈચ્છું છું.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી

★

જેણે જીવન આખું જૈન ધર્મ ને જૈન સમાજના ઉત્કર્ષ માટે ખર્ચી નાંખ્યું, રાત-દિવસ સતત ચિંતા કરી અને સમૃદ્ધ સાહિત્યની ભેટ ધરી એવા યુગપુરુષની જન્મજયંતિ પ્રસંગે, અમે શું સમાજને કંઇ કહીએ?

આપણે સૌ તેમના આદર્શો, તેમના શરૂ કરેલા કાર્યો અને તેમની અભીપ્સાને યત્કિંચિત્ પણ સફળ કરીએ તોજ તેમની ભકિતની સાર્થકતા ગણાય.

આપણે સૌ તેમની અંતિમ અભિલાષને પરિપૂર્ણ કરીએ એ જ અભ્યર્થના.

—તંત્રીઓ





માસિક

તંત્રીઓ :- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૨જું
અંક ૨૦

સંવત ૨૦૧૭
જેઠ


# અંજલી અર્પણ

સાધુઓનાં જાહેર વ્યાખ્યાનની પહેલ કરનાર, અધ્યાત્મજ્ઞાનની, વીર પ્રભુના સાચા ઉંડા ગંભિર તત્વજ્ઞાનની ઉદ્‌ઘોષણા વડે જનતાને જગાડનાર, ક્રિયામાં જ્ઞાનને ઓતપ્રોત કરનાર, અહિંસા અને સંઘ પ્રગતીને પચારનાર, યુવાનો ને બાળકોમાં વ્યાયામ દ્વારા નવાં ચેતન જગાવનાર, યોગનાં નવાં રસાયણ દ્વારા મુડદાલોમાં પણ નવાં જીવન પૂરનાર, દ્રવ્યાનુ-યોગ જેવા ગહન વિષયને ઘરઘરનો ઉપયોગી માલ બનાવનાર, ગુફા, ડુંગર, કોતર, ઓઘાં, નદિ કીનારાના ચુસ્ત ભોગી, બાલ બ્રહ્મચારી, જૈન ધર્મનો ઝંડો લઇ ગુજરાતના ઘર ઘરે જઈ "જાગૃત થા જૈન કોમ"નો નાદ કરનાર અખંડ પ્રવાસી એવા શ્રીમદ્ બુદ્ધિસાગરજીને આ અંક સાદર, સવંદના, સમર્પણ........

# ચિંતન કણિકાઓ

દેવતા ! મારા, તારા માટે હું હજાર જિંદગી કુરબાન કરી દઉં, પણ એક શરત પર : તારા ચરણકમળ પાસે બેસવાનું મને જો ફુલ બનાવે તો....

ઓહ ! શાંતિ માટે સંસાર આખો ખૂંદી વળ્યો, જિંદગી લગભગ અર્ધી ખર્ચી નાંખી અને એ મળી ત્યારે તો એ મારા જ અંતરના ઓરડામાં બેઠી હતી....

કેવું ભવ્ય સમર્પણ ! કુહાડીએ વૃક્ષ પાસે પોતાના માટે હાથો માગ્યો અને વૃક્ષે પોતાના હાથે જ મોત માગી લીધું....

મોત મોકલે ત્યારે દેવતા ! મારા, સાથે સાથે જીવન જીવ્યાનો આનંદ પણ મોકલજે જેથી એ આનંદના આવેગમાં એને હું પ્રેમપુર્વક ભેટી શકું....

મારી બાજુની ઓરડીમાં કે ચાર જણા ગરમ અવાજે બોલી રહ્યા હતા. કોઇને એ ગાળો દેતા હતા. શ્રાપ આપતા હતા. તિરસ્કારતા હતા. મેં જાણ્યું કે કોઇએ કશુંક પાપ કર્યું હતું અને તેમનો આત્મા ઉકળી રહ્યો હતો.

પ....ણ એ કેટલું દુ:ખદ હતું !... એમના ઉકળાટમાં ક્યાંય પાપનો બળાપો ન હતો !... બધા એ પાપી પર જ તૂટી પડયા હતા !!..

મોત મરે છે; જિંદગી નહિ.<br>
જિંદગી નહિ; મોત જન્મે છે......

એક જ મૂળાક્ષરોના બે સંતાન : સેવા ને સત્તા. સત્તા માટે મેં મારામારી જોઈ છે, સેવા માટે પડાપડી...

વીજળી મને કહી રહી હતી : 'સંજોગ સંજોગ તું શું કરે છે. સંજોગ તો આ વાદળાં જેવાં છે. જેને પ્રકાશવું જ છે એને વાદળાં ઢાંકી જ નથી શકતાં અને રોકી ય નથી શકતા...'

સ્ત્રી–સત્તા ને સંપત્તિ:–યુદ્ધ માટે આમાંથી એકાદ જ કારણ બસ છે...

મૃત્યુ ! તારું બીજું નામ યમદેવ છે, નહિ ? લે, મને લેવા આવ્યો છે ને ? લઇ, ચલ. દેવના પગલાં મારા આંગણે ક્યાંથી ?...

વેષ પહેરે સાધુ દેખાય, હોય જ એવું કાંઇ નહિ...

રૂપ–જવાની ને એકાંત એટલે ઘી, આગ અને પવનનો ત્રીવેણી સંગમ...

બુદ્ધિને મેં લગામ સોંપી હતી જેથી એ મારી ભાવનાને લગામ ખેંચી યોગ્ય માર્ગે વાળે, પણ એણે તો ચાબૂક મારવાનું શરૂ કર્યું. બસ, ત્યારથી મેં બુદ્ધિને છેલ્લી સલામ ભરી દીધી છે...

—મૃદુલ

# તવ ચરણકમળે........

હઠીભાઈની વાડી, અમદાવાદ.

તા. ૧૧, જુન, ૧૯૨૫.

પત્ર મળ્યો. વાંચીને એ સૌને અવશ્યમેવના સમાચાર જાણ્યા. નીરખીએ છીએ, સૌનું એ ભાવી છે. બુદ્ધિ, જ્ઞાન ને અનુભવનાં એ ડહાપણ છે. પણ હૃદય એ ડહાપણનો બોલ સ્વીકારવા ના પાડે છે.

એ તો ખરેખર સાગર હતો.

જૈન સંઘ આજે જાણતો નથી કે એનું કેટલું આત્મ ધન હરાયું છે

આવો સાધુ સંઘને પચાસ વર્ષે મળે તો સંઘના સદ્‌ભાગ્ય.

એ તો સાચો સન્યાસી હતો.

એના દીલની ઉદારતા પરસંપ્રદાયીઓને વશીકરણ કરતી. જ્ઞાન અને ભક્તિ પરમાત્મ યોગ માટે જરૂરનાં છે પણ મનુષ્યોના મનુષ્ય પ્રતિનાં ધર્મ ઘણા વિસરે છે. તે પોતે પોતાના સંકોચના દુર્ગોમાં ભરાઈ રહે છે. બુદ્ધિસાગરજી મહાનુભાવ વિરામનામાં ખેલતા. સંપ્રદાયમાં તો એ શોભતા પણ અનેક સંપ્રદાયીઓના સમુદાય સંઘમાં પણ એમની તેજસ્વીતા અછાની નહોતી.

એમની ભવ્યમૂર્તિ, એમના આત્મસ્વરૂપ જેવી ભવ્ય હતી. વિશાળ મૂખબિંદ, ઉચ્ચ અને પુષ્ટ દેહસ્થંભ, યોગેન્દ્રના જેવી દાઢી ! એમનો જબરજસ્ત દંડ ! આપણે સૌ માનવજાત મૂર્તિપૂજક છીએ. અને એ ભવ્ય મૂર્તિ અદૃશ્ય થઈ છે. પણ નીરખી છે તેમના અંતરમાંથી તે જલ્દી ભુસાશે નહિ જ.

આનંદઘનજી પછી આવા અવધૂત જૈન સંઘમાં થોડા જ થયા હશે. સાથના શિષ્યમંડળના તો બહુ જન્મદાતા પિતા અને શિરછત્ર ગયા છે. કેટલીક વેળા આશ્વાસનનાં વચન ઉચ્ચારવાં એ યે મીથ્યા છે.

લિ૦

નાનાલાલ કવિના જયશ્રી હરિ.

**તા. ક.** :– એક મારું ભજન સાંભરી આવે છે તે લખું છું. એનું પ્રથમ ચરણ તો જુના એક પ્રસિધ્ધ ભજનનું છે બાકીનું મારું છે. એમાં શ્રી બુધ્ધિસાગરજીની જ જાણે આત્મપ્રતિમા ઉતરી હોય એવું છે માટે મોકલું છું.

મળે જો જતિ સતિ રે કોઈ સાહેબને દરબાર  
ધીંગાધીંગી ભારથમાં  
સદ્ધર્મ તણા શણગાર  
પુન્ય પાપના પરપંચ  
કોઈ બ્રહ્મ—  
આંખલડી આનંદમાં રમતી  
ઉછળે ઉરના પૂર  
સત્ ચિત્ આનંદે ખેલંદા  
ધર્મ ધુરંધર શૂર  
મળે જો જતિ સતિ રે  
કોઈ આલેકના દરબાર...

વીસનગર, રૂદનતિથિ.

ઓ ! પૂજ્ય મોટાભાઈ !

આ એકાએક વજ્રપ્રહાર શો ? શો ભયાનક કારમો કોપ વિધિનો ? મ્હારો તારણહાર, સાચા આત્મધર્મનો બતાવણહાર શું સાચે જ ઉડી ગયો ! એ નય, નિક્ષેપ, સપ્તભંગી અને હેયજ્ઞેયાદિને સ્ફુટ રીતે જણાવનાર યોગીરાજ શું જતા જ રહ્યા ? આ સાચું છે ? મેં તો માનવા ના જ પાડી. પણ ઉપરાઉપરી સમાચાર મળ્યા અને બાપા તથ હું બહાર નીકળી પડયા. તમે તો જાણો છો બધીયે વાતમાં વીસનગર પાછળ છે છતાંયે અમે ગામમાં હડતાલ પડાવી. રૂપિયા ભેગા કરી પુજાઓ ભણાવવા માંડી છે. પુજાઓ માટે રૂપિયા મળે જ જાય છે. દેવવંદન પણ કર્યું છે.

ઓ ભાઈ ! હવે અધ્યાત્મજ્ઞાન ગંગાની લહરીઓ કોણ ઉછાળશે ? હવે આત્મધર્મના ઝંકાર કોણ જગાવશે ? આત્મા અને પુદ્ગલના ભેદ કોણ જણાવશે ? હા, આત્મધર્મના ઓલીયા, સાચા સંત, પ્રતિકાનનકેસરી, કવિસમ્રાટ, સૂરિશેખર, અનેકવાદિ વિજેતા એ બુધ્ધિનિધાન ગુરુદેવ ક્યાં મળશે ? ભાઈ આપણું તો સર્વસ્વ ગયું હો !

જેણે માણસ બનાવ્યા, જેણે સાચું આત્મજીવન જીવતાં શીખવ્યું, જેણે મુક્તિમાર્ગ બતાવ્યો એ ગુરૂદેવ આચાર્ય ભગવન્ ચાલ્યા જ ગયા ? હાય ! બાપાને પણ ઘણું લાગ્યું. મારે તો બાર વ્રત લેવાના તથા શિર પર એ અવધૂત યોગીરાજનો વાસક્ષેપ નંખાવવાના મનોરથ મનમાં જ રહ્યા.

હવે તો એમના આદેશો શિરોધાર્ય કરી તેમનાં સ્મરણ માનસીક પૂજન અને અર્ચન કરવાં જ આપણા માટે રહ્યાં ને ?

વીરા ! હવે નહિ મળે હોં એ સાચા સૂરિવર ! એવા સમર્થ સાહિત્યાચાર્ય, પ્રખર વક્તા, મહા કવિરાજ, ષટ્દર્શન નવેત્તા, સ્વભાવમાં રમનાર આત્મદર્શી દયાળુ ગુરુદેવ !

નમન એમના ચરણોમાં ! એ આનંદઘન અવતારના પદપદ્મમાં.

ગુરુદેવની ચરણરજ,
બહેન લાડકી વિશ્રામબાઇ,
**વીસનગર.**

પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી.
વડોદરા રાજ્ય, સેન્ટ્રલ લાયબ્રેરી,
સંસ્કૃત વિભાગ, વડોદરા.
જેઠ વદી-૪, ૧૯૮૧.

આજે એકાએક વજ્રપ્રહારની જેમ શ્રી બુધ્ધિ-સાગરજી સૂરિજી મહારાજના સ્વર્ગવાસના દુઃખદ ખબર મળ્યા અતિવ દિલગીરી થઇ.

સદ્દગત તો પોતાનું સાધ્ય સાધી ગયા છે. પણ તેમના સ્વર્ગવાસથી જૈન સમાજે પોતાનો એક અદ્વિતીય પ્રતિનીધી. અસાધારણ સુભટ, ઉચ્ચકોટીનો મહાપુરુષ, એક ઉત્તમ યોગી, શુભેચ્છક સંત, અવિરલ ઉદ્યોગી, શ્રેષ્ઠ કવિ, શાસનનો અપ્રતિમ ભક્ત, જૈન શાસનનો ભાનુ, સાહિત્યનો એક વિશિષ્ઠ વિલાસી, અધ્યાત્મજ્ઞાનનો અપૂર્વ નિધિ, નિઃસ્પૃહી છતાં શાસન દાઝ ધરાવનાર, સદ્દગુણમંડિત, વિચક્ષણ બુધ્ધિનો સાગર ગુમાવ્યો છે, કે જેમની ખોટ પુરાવી મુશ્કેલ છે.

જે સમયે તિર્થો અને ધર્મ ઉપર અનેક પ્રકારથી આક્રમણો થતાં જાય છે, તેવા વિપત્કાળમાં આવા ધર્મવીર બુધ્ધિસાગર જેવા શાસન સ્તંભો, શાસન સુભટો, શાસન રત્ન મહાપુરુષો અદ્દશ્ય થતા જાય છે એ જાણી ક્યા શાસન શુભેચ્છકને દુઃખનાં અશ્રુ ન આવે !

સદ્દગતના આત્માને શાંતિ મળો એમ પ્રાર્થું છું.

## બોલતી તારીખો અને ગાતા નામ :-

જન્મસ્થાન : વિજાપુર ( વડોદરા રાજ્ય )
ગૃહસ્થદશાનું નામ : બહેચરભાઇ
માતાનું નામ : અંબાબાઈ
પિતાનું નામ : શિવજીભાઈ
જ્ઞાતિ : કણબી પાટીદાર ( કૂર્મ ક્ષત્રિય )
દિક્ષાસ્થાન : પાલણપુર
વિહારસ્થાન : મુખ્યત્વે ગુજરાત
મૃત્યુસ્થાન : વિજાપુર
જન્મતિથિ : વિ. સં. ૧૯૩૦ના મહા વદ-૧૪
દિક્ષાતિથિ : વિ. સં. ૧૯૫૭ના માગસર સુદ-૬
સૂરિપદ : વિ. સં. ૧૯૭૦ના માગસર સુદ-૧૫
મૃત્યુતિથિ : વિ. સં. ૧૯૮૧ના જેઠ વદ ૩

એ..................

# શ્રીમદ્ બુદ્ધિસાગરને

## શ્રી. ગુણવંત શાહ.

એણે આંખ ખોલી,
નજર માંડી અને—
એણે આંખો મીંચી ત્યારે,
મૃત્યુ ય રડી ઊઠયું હતું ! !...

એ જીવ્યો હતો. હા ! એ-
ખરેખર જીવ્યો હતો.
એ કુશળ શિલ્પી હતો.

જિંદગી પથ્થર હતી એને મન:
શ્રદ્ધાનો એણે હથોડો લીધો.
શ્રમનું ટાંકણું ઝાલ્યું.
અને એ મંડી પડ્યો......

ગામડાનો અણજાણ ને બરછટ
કેડીની ઉડતી ધૂળથી ધૂળીયો
બેધાટ ને બદસૂરત
અણઘડ એ પથ્થર

એના દિલને મન થયું :
'હું ભગવાન બનીશ'
'અંતર્યામી થઈશ'
'થઈશ તો હું પરમાત્મા જ.'

અને-
એ પથ્થર હતો પણ ચમકતો
પાષાણ હતો, પણ ચેતનભર્યો
પથ્થરમાં ય પ્રાણ હતો.

અને જિંદગીનો ઘાટ
ઘડવા એ લાગી ગયો.
પથ્થર ખૂદ એની પ્રતિમા
કંડારવા બેસી ગયો.
        જ્ઞાનનો જલ છંટકાવ કર્યો
        ખેતરની ધૂળ ગઇ
        ગામડાની બરછટતા ગઇ
        જિંદગી નિર્મળ બની.
તપનો તાપ કર્યો
ધ્યાનનો હોમ હોમાયો
ખૂબસૂરત અહલાદ
જીવનમાં તેજ રગરયું.
        જીવન હવે સરળ હતું
        ઓજસ્વી, એખલાસ હતું.
સાધુતાનું એણે રેખાંકન કર્યું
ઉપાસના અને સાધનાના
એણે કંપાસ ફેરવ્યા.
અને—
        જિંદગીનો ઘાટ ફરી ગયો
        પથ્થર પથ્થર મટી ગયો
        પાષાણ પ્રતિમા બની ગયો !...
એ હતો—
ખેતરના ખોળાનો ખૂંદનાર
ગામડાનો ગોઠીયો
છાણ ને માટીનો ગૂંદનાર
કોશ હાંકનાર
મૂંગા બળદોનો સાથીદાર
ખેડૂ બાળ-
        બહેચર !
        મા અંબાનો લાડકો !
        શીવાભાઇનો કુળદીપક ! ! ..
શ્રી રવિસાગરે કીધું :
' તું આત્મા છે. પ્રભુ
 તું પોતે જ છે, પણ એ
 તારી અંદર દટાયો છે
 એને બહાર કાઢ '
        બસ.

જીવન એને પાષાણ લાગ્યું
એ પાષાણ જેમાં એનો
ભગવાન દટાયો હતો.

અને–
એ રાત જાગ્યો. દિવસે મંડ્યો.
ભૂખ ખોઇ. ભાન ખોયું.
મહા ધૂની બની મથ્યો.
કલા સાધકની તમન્નાથી
અદમ્ય એવી ઝંખનાથી
જિંદગીનો એણે ઓપ આપ્યો.

અને
બહેચર !
બુદ્ધિસાગર બની ગયા !...

ગૃહસ્થીનો ભૂકો થઈ ગયો
શ્રમણની મૂર્તિ ઉપસી આવી !

આંખોમાં અલખનો
અગ્નિ પ્રજ્વળી ઊઠ્યો
આતમનો અંતરનાદ
શ્વાસમાં શ્વસી રહ્યો
કામદેવના બાણ, એની
ભ્રમરોમાં ભેરવાઇ ગયાં
વદન પર યોગનું
સુકુમાર સૌન્દર્ય
અધરો પર
સમાધિનું શાંત, સરળ
સ્મિત વિલસી રહ્યું
અંગે અંગમાં, સંયમના
સો સો નહિ, લાખ લાખ નહિ
અગણિત, તેજભર્યા
દીવડા ટમટમી ઊઠ્યા.

અને–
જગત મંદિરે જોઈ
આનંદઘનજીની યાદ આપી જતી
અક્ષય, નિતાંત નિર્મલા,
સૌન્દર્યશાલિન, તેજપુંજ
કર્મયોગની
ભવ્ય ને ભાવભરી
જીવંત સાક્ષાત્ પ્રતિમા

એને
સંસાર નમશે
એની યોગ સમાધિ પર
જગત પૂજશે
એની કર્મ સાધના પર
દુનિયા ફુલ ચઢાવશે
એની જ્ઞાન આરાધના પર
ઇતિહાસ યાદ કરશે
એની અલખની ધૂન માટે
સમાજ સંભારશે
એની અખંડ જાગૃતિ માટે
કવિ ગાશે
એની 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'
સાહિત્ય સર્જના માટે
ચિત્રકાર ચિતરશે
એના અભિશુદ્ધ જીવનની
વિરાટ એવી મંગલ છબી.

વિસરી ન વિસરાય
ભૂલી ન ભૂલાય
અવિસ્મરણીય
એવી
કર્મયોગની મહાન
કલ્યાણકારી
પ્રાણ ભરપૂર
પ્રેરણામૂર્તિને—...

અકિંચન હું તો શું
એના સંવત્સરે શું આપું ?

ભાવભીના, ભક્તિભર્યા
શત કોટી કોટી
વંદન હો ! એ



અલખના અવધૂત
જોગંદર જોગી
કર્મયોગી એવા
એ
શ્રીમદ્ બુદ્ધિસાગરને......



# ગંગાના ઓવારેથી

લેખક:—
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી



( ગતાંકથી ચાલુ )

લાલાજીએ આ ચાર બાબતોમાં ઐતિહાસિક દૃષ્ટિએ મોટી ભૂલ કરી છે. લાલાજી ઇતિહાસ લખવા બેઠા છે તે સંબંધી કોઇ જૈન શાસ્ત્રો વાંચ્યા નથી. અને ફક્ત તીર્થંકર અને જૈન ધર્મને અન્યાય આપવા માટે અન્ય લોકોના શાસ્ત્રીય ઐતિહાસિક પ્રમાણની સાક્ષી પણ ન આપતાં અન્ય લોકોનું અનુમાન છે કે બૌદ્ધ ધર્મના આરંભ સમયમાં જૈન ધર્મનો પ્રકાશ થયો. વાહ ! લાલાજી તમોએ અન્ય લોકોના અનુમાન ઉપર ગાડુ ચલાવ્યું. કોઇ ગ્રંથ પ્રમાણની સાક્ષી ન આપી અને ઇતિહાસ લખવા બેઠા. તેથી જૈન ધર્મના પર પ્રહાર કરી જૈનોનાં દિલ દુખવ્યાં તે પ્રમાણે જો પોતાની ખાસ તપાસ વિના રાજકીય પ્રકરણમાં પણ લોકોનાં અનુમાન પર અંધવિશ્વાસ રાખી ચાલશો તો બ્રિટીશ રાજ્ય પ્રકરણના સત્તાધિકારીઓ કરતાં પણ ઘણા હેઠા ઉતરશો.

લાલાજી ! તમો જાતે કોઇ પુસ્તક પ્રમાણનો અનુભવ લીધા વિના આવું અધીર લખાણ કરવા બેઠા તેથી ઉલટુ તમારા જ્ઞાનના પ્રમાણિકપણામાં ભૂલ પડી અને તેથી તમારા ઉપરના ઐતિહાસિક વિશ્વાસને વિદાયગીરી મળી.

લાલાજી ! ! આવી રીતે જૈન શાસ્ત્રોનો અભ્યાસ કર્યા વિના તમો જૈન ધર્મ છોડી આર્ય સમાજી થયા તેથી આપના ગુરૂ શ્રી દયાનંદ સરસ્વતીના પેઠે અન્ય ધર્મો પર આક્ષેપ કરી સ્વધર્મની પ્રાચીનતાની ધૂનમાં લાગી ગયા જણાઓ છો.

લાલાજી ! ઉપરની હકીકતથી જાણશો ( અમે ગયા અંકમાં તે પ્રગટ કરી ગયા છીએ —તંત્રીઓ ) કે જૈન ધર્મ તે વેદ ધર્મ જેટલો પ્રાચીન છે એમ કથનાર લોકમાન્ય તિલક વગેરેની દલીલો તોડી હોત અને પછીથી બોલ્યા હોત તો કોઈ તમારા વચન પર વિચાર કરત. અને જ્ઞાનપૂર્વક અનુભવ કર્યા વિના લોકોના અનુમાને ચાલ્યા એ પેલા ઇંગ્લાંડના રાજ્યદ્વારીઓની તમો હિંદ માટે ભૂલો કાઢો છો તેવી રીતે તમારી ભૂલ કાઢવા જેવું સિદ્ધ થયું છે.

લાલાજી ! તમોએ તે લખવામાં કંઈ પ્રમાણ આપ્યું નથી. લોકશબ્દથી તમો યુરોપીય વિદ્વાનો માટે કહેતા હો તો તે સંબંધમાં કહેવાનું કે હવે યુરોપીય વિદ્વાનો જૈન ધર્મની પ્રાચીનતા જાણવા લાગ્યા છે અને જૈન ધર્મ છે તે બૌદ્ધ ધર્મની પહેલાં છે એમ પ્રોફેસર હર્મન જેકોબી વગેરે વિદ્વાનોએ પોતાના પુસ્તકોમાં જાહેર કર્યું છે. જૈન ધર્મ તે બૌદ્ધ ધર્મની શાખા છે એવી યુરોપી વિદ્વાનોએ તથા અહીંના શ્રી દયાનંદ આદિઓએ માન્યતા જણાવી હતી, તેવી ભ્રાંતિમૂલક માન્યતાનો હવે યુરોપીય વિદ્વાનોએ અંત આણ્યો છે. તે સંબંધી તેમનાં કલ્પસૂત્ર વગેરે પર લખેલાં પુસ્તકો વાંચો.

સ્વામી દયાનંદ સરસ્વતીએ જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ એક છે એમ લખ્યું છે, પણ હાલ જો તે જીવતા હોત તો પોતાની ભૂલ કબૂલ કરત. ડોક્ટર બુલ્હર તથા હાલના જૈન ધર્મના અભ્યાસી

યુરોપીયન વિદ્વાનો મુકત કંઠે જાહેર કરે છે કે ચોવીસમા તીર્થંકરની પૂર્વે ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ હતા ને તેમની પૂર્વે બાવીસ તીર્થંકરો થઇ ગયા છે. જૈન ધર્મ પ્રાચીન અને સ્વતંત્ર ધર્મ છે એમ હવે આર્યદેશ તથા યુરોપમાં સર્વ વિદ્વાનો માનવા લાગ્યા છે. માટે લાલાજીએ પોતાની ભૂલને બીજી આવૃત્તિમાં સુધારવી જોઇએ.

લાલાજી લખે છે કે 'જૈન ધર્મના મૂલ પ્રવર્તક પાર્શ્વનાથ હતા' આ તેમની ભૂલ છે. લાલાજીએ એકવાર જૈન શાસ્ત્રોનું વાંચન કર્યું હોત તો તેમની આવી ભૂલ થાત નહિ. દરેક તીર્થંકર જૈન ધર્મનો નાશ થવાનો વખત આવે છે ત્યારે કેવળ જ્ઞાનથી જૈન ધર્મનો પ્રકાશ કરે છે. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પૂર્વના બાવીસ તીર્થંકરોએ જૈન ધર્મનો પ્રકાશ કરી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી.

આ અવસર્પિણી કાલમાં પ્રથમ નાભિરાજાના અને મરૂદેવી માતાના પુત્ર શ્રી ઋષભદેવ થયા અને તે ઋષભ ઋષીશ્વર તરીકે પ્રસિધ્ધ થયા. તેમણે જૈન ધર્મની સ્થાપના કરી. શ્રી ઋષભદેવ ભગવંતે જૈન ધર્મની સ્થાપના કરી એમ ભાગવત પુરાણના ઋષભદેવના આખ્યાનથી પણ પુષ્ટી મળે છે. માટે લાલાજીએ પોતાની બીજી ભૂલનો ભારતના ઇતિહાસની દ્વિતીયાવૃત્તિમાં સુધારો કરવો જોઇએ કે જેથી જૈનોને તથા જૈનેતર વિદ્યાર્થીઓને જૈન ધર્મના સંબંધમાં મિથ્યાત્વ બુદ્ધિ ન રહે અને જૈનોને અન્યાય પણ ન રહે. દેશનાયકે અન્ય ધર્મની બાબતમાં પોતાનું અજ્ઞાનપણું હોય ત્યાં સુધી કંઇ પણ ભ્રાંત લખાણ ન કરવું જોઇએ. જૈનોના ધર્મ સંબંધી લાલાજીએ જે લખ્યું છે તેવું ભ્રાંત લખાણ જો મુસલમાનોના ધર્મ સંબંધી લખ્યું હોત તો લાલાજીને તેનું ખરાબ પરિણામ વેઠવું પડત. આ તો જૈનોને નરમ દેખી "ગરીબની જોરૂ સર્વની ભાભી" જેવું લખવા સાહસ કર્યું છે.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે જૈનધર્મ સ્થાપ્યો તે બાબતમાં મથુરાની ટેકરીમાંથી નીકળેલી તીર્થંકરની મૂર્તિઓ પર જે શિલાલેખ છે એથી સિધ્ધ થાય છે. પાશ્ચાત્ય વિદ્વાન ડાક્ટર ફુહરરે મથુરાના લેખોના આધારે સિધ્ધ કર્યું છે કે પૂર્વ કાળમાં-પ્રાચીન કાળમાં જૈનો શ્રી ઋષભદેવની મૂર્તિઓ બનાવતા હતા. એ વિષયનો લેખ એપિગ્રાફિયા ઇન્ડિકા છે. એ બાવીસસો વર્ષ પહેલાંનો લેખ કનિષ્ક, હવિષ્ક અને વાસુદેવ રાજાઓના વખતનો લાગે છે. અર્થાત્ શ્રી મહાવીર પ્રભુ પશ્ચાત્ બે સૈકા બાદ પછીના લગભગ કાળનો છે. તેથી સિધ્ધ થાય છે કે ચોવીસમા તીર્થંકર મહાવીરદેવ અને ત્રેવીસમા તીર્થંકરના વખતમાં શ્રી ઋષભદેવ તીર્થંકર થયા અને તેમણે જૈનધર્મની સ્થાપના કરી એમ સિધ્ધ થાય છે. ઐતિહાસિક કાલ, જે હાલના વિદ્વાનો ઠરાવે છે તેની પણ પુર્વે શ્રી ઋષભદેવજી ભગવાન થઇ ગયા છે.

શ્રી મહાવીરપ્રભુજીના નિર્વાણ પશ્ચાત્ એક બે સૈકામાં ઘડાયેલી બીજા તીર્થંકરોની મૂર્તિઓ છે એમ શ્રી વિજયધર્મસૂરિએ મારવાડમાંથી મળી આવેલા શિલાલેખથી જાહેર કર્યું છે. શ્રી મહાવીર પ્રભુના વખતમાં શ્રેણિક અર્થાત્ બિંબિસાર રાજાના પુત્ર અભયકુમારે આર્દ્રદેશના આર્દ્રકુમાર પર શ્રી જિનેશ્વરની પ્રતિમા મોકલી હતી. તથા શ્રી ઋષભદેવના પુત્ર ભરત રાજાએ અષ્ટાપદ પર્વત પર શ્રી ઋષભદેવ વગેરે તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપી હતી. તથા શ્રી ઋષભદેવના પુત્ર ભરતરાજર્ષિએ ચાર વેદોની રચના કરી તેનો પણ પ્રાચીન પુસ્તકોમાંથી નીચેની ગાથાથી ખ્યાલ આવે છે.

उक्तं च आगमे—

सिरिभरहचक्कवट्टी,
आरिय वेयाग विस्सउक्ता
माहण पढणत्थ मिणं,
कहिअं सुहझाण ववहारं ॥१॥
जिणतित्थे वुच्छिन्ने,
मिच्छत्ते माहणेहि तेठविया
अस्संजयाण पूया,
अप्पाणं कारिया जेहिं ॥२॥

શ્રી ભરતચક્રવર્તિએ આર્ય ચાર વેદોની રચના

કરી. બ્રાહ્મણોને ભણવા માટે શુભ ધ્યાન વ્યવહારરૂપ વેદો રચ્યા. નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ અને દશમા તીર્થંકર શ્રી શીતલનાથના વચલા કાળમાં જિન તીર્થ વ્યુચ્છેદ થતાં બ્રાહ્મણોએ પોતાની પૂજા માટે વેદોમાં પોતાને પસંદ પડતો ફેરફાર કર્યો. ભરતે (૧) સંસાર દર્શન (૨) સંસ્થાન પરામર્શન (૩) તત્ત્વાવબોધ (૪) વિદ્યાપ્રબોધ- એ ચાર વેદો બનાવ્યા. ઘણા કાળ પછી તેમાં બ્રાહ્મણોએ અનેક સ્વાનુકૂળ શ્રુતિયો વધારી ફેરફાર કર્યો અને પશ્ચાત્ જ્યારે વ્યાસઋષિ થયા ત્યારે તેમણે અનેક શ્રુતિયોને એકઠી કરીને ઋગ્વેદ, યજુર, શામ અને અથર્વ એ ચાર વેદના અનુક્રમમાં ગોઠવી. જૈન વેદોનું જ્ઞાન જે સત્ય હતું, તે શ્રુતિયોનો જૈન શાસ્ત્રાગમોમાં સાર આવી ગયો છે અને જૈન વેદ શ્રુતિયોને કે જે ગૃહસ્થ સંસ્કારાદિયોના મંત્ર ભાગ રૂપે હતી તેઓનો આચાર દિનકર વગેરે ગ્રન્થોમાં સમાવેશ થયો છે. હાલ જે જૈન ષોડશ સંસ્કાર પ્રતિષ્ઠાદિ મંત્રો છે તેનો જૈન વેદોમાંથી ઉદ્ધાર થયો છે. તેથી સુજ્ઞો સમજશે કે જૈન ધર્મ અને વેદો બન્ને ઘણા પ્રાચીન છે

આ અવસર્પિણીકાળમાં પ્રથમ શ્રી ઋષભદેવે જ ધર્મની સ્થાપના કરી. તેમને આદિનાથ કહેવામાં આવે છે. મુસલમાનો બાવા આદિમ વગેરે નામોથી સંબોધે છે. શ્રી ઋષભદેવને કશ્યપ, કાશ્યપઋષિ, બ્રહ્મા તરીકે લોકો કહે છે તથા ધર્મસૃષ્ટિના જગત્માં કર્તા હોવાથી તેમને બ્રહ્મા પણ કહે છે ભરત રાજા તથા બીજા તીર્થંકર શ્રી અજિતનાથથી ઓગણીશમા તીર્થંકર શ્રી મલ્લિનાથ સુધીના તીર્થંકરો, કશ્યપ ગોત્રી અને ઇક્ષ્વાકુવંશી હતા તે સર્વે જૈન તીર્થંકરો હોવાથી જૈન ધર્મની પ્રાચીનતા સિદ્ધ થાય છે, પાંડવો અને રામચંદ્રની પૂર્વે શ્રી ઋષભદેવથી તે વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સુધીના તીર્થંકરો થયા છે, તે કાસ્યપ ગોત્રી અને ઇક્ષ્વાકુવંશી ક્ષત્રિયો હતા. તેથી રામચંદ્ર અને પાંડવોની પૂર્વે જૈન તીર્થંકરો અને જૈન ધર્મ હતો, એમ મધ્યસ્થ શાસ્ત્ર-વેત્તાઓ સહેજે સમજી શકે તેમ છે. જેઓ પક્ષપાતી, કદાગ્રહી છે, તેઓ તો પોતાના ધર્મ પુસ્તકોની અને પોતાના ધર્મની પ્રાચીનતા સિદ્ધ કરવા કોટિ તર્કો કરે છે. અને જૈન ધર્મની અર્વાચીનતા સિદ્ધ કરી બતાવવા કુતર્કો કરે છે. પણ હવે, જ્ઞાની જૈનો, લાલાજી જેવા લોકોના અનુમાનોની ભ્રાંતિથી ઠગે તેમ નથી. શ્રી રામચંદ્રના વખતમાં થયેલ વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત પ્રભુ હરિવંશમાં થયા હતા અને ગૌતમ ગોત્રી હતા. તથા બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુનો હરિવંશ હતો અને ગૌતમ ગોત્ર હતું. શ્રીકૃષ્ણ અને પાંડવોના સમકાલીન શ્રી નેમિનાથ પ્રભુ બાલ બ્રહ્મચારી તીર્થંકર થયા છે. તેમણે નૈષ્ઠિક ઘોર બ્રહ્મચર્ય પાળ્યું હતું તેથી તે ઘોર ઋષિના નામે ઋષિઓએ તેમને છાંદોગ્યોપનિષદમાં જાહેર કર્યા હતા. અરિષ્ટ નેમિનાથ અને ઘોર ઋષિ એક જ હતા. છાંદોગ્યપનિષદમાં કૃષ્ણે ઘોર ઋષિની પાસે જ્ઞાન મેળવ્યું તેનો ઇશારો આવે છે તેથી ઉપનિષદના કાળમાં જૈન તીર્થંકર શ્રી નેમિનાથની ખ્યાતી હતી વા તે પછી છાંદોગ્યપનિષદ રચાઇ અને તેમાં ઘોર ઋષિ અને કૃષ્ણનું વર્ણન આવ્યું એમ માની શકીએ એ પ્રરૂપવા યોગ્ય છે.

ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનો ઇક્ષ્વાકુ વંશ હતો. અને તે કાસ્યપ ગોત્રી હતા. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના માતપિતા જૈન હતા અને તેમના વંશમાં જૈનો પૂર્વે પણ હોવા જોઇએ. ઇત્યાદિ અનુમાનથી જૈન તીર્થંકરોએ જૈન ધર્મ પ્રવર્તાવ્યો છે અને શ્રી ઋષભદેવજીથી ઠેઠ ચોવીસમા તીર્થંકર સુધી અવિચ્છિન્ન ધારા પ્રવાહે જૈનધર્મ ચાલ્યો આવે છે. ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ અને તે પહેલાના સર્વ તીર્થંકરો કેવલજ્ઞાની હોવાથી સર્વનું એક સરખું કેવળજ્ઞાન હોવાથી તેમાં એક વિશેષ જ્ઞાની તથા એક અલ્પજ્ઞાની એવો ભેદ રહેતો નથી. જેઓ સર્વ જગતના સર્વ પદાર્થો કે જે રૂપી અરૂપી હોય છે તેઓને પ્રત્યક્ષ જાણે છે, અને એક સરખા સર્વ પદાર્થ પણ જે દેખી શકે છે, તેઓ કેવળજ્ઞાનીઓ, સર્વજ્ઞો કહેવાય છે. ચોવીસ તીર્થંકરો પણ એવા એક સરખા કેવળજ્ઞાની સર્વજ્ઞો હોવાથી તેઓને વેદોના આધારે ઉપદેશ દેવાની જરૂર પડતી

નહોતી તેમજ પોતે સર્વજ્ઞ હોવાથી અન્ય તીર્થંકરોના ઉપદેશનો આશ્રય લેવાની પણ જરૂર પડતી નહોતી. તેમજ એક તીર્થંકરના વખતમાં જે પુસ્તકો વિદ્યમાન હોય તેની સહાય લેવાની બીજા તીર્થંકરને જરૂર પડતી નહોતી. કારણ કે દરેક તીર્થંકર સર્વજ્ઞ હોવાથી તે તીર્થ-સંઘની સ્થાપના કરતા અને કેવલજ્ઞાનથી ઉપદેશ દઇ નવું શ્રુતજ્ઞાન રૂપ તીર્થ પ્રવર્તાવતા હતા.

ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથને અને ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર દેવને એક બીજાની સહાયની જરૂર નહોતી. કારણ કે તેઓ કેવલજ્ઞાની હોવાથી બન્ને એક સરખા સર્વજ્ઞ હતા. તેથી જૈન તીર્થંકર મહાવીર દેવે કેવલ જ્ઞાનથી જે જૈનધર્મ તત્ત્વજ્ઞાન પ્રકાશ્યું હતું તે જ જૈન ધર્મ તત્વજ્ઞાનને તેમની પહેલાંના ત્રેવીસ તીર્થંકરોએ પણ તેમના જેવું જ પ્રકાશ્યું હતું. ચક્ષુવાળા મનુષ્યો પ્રકાશ અને અંધકારને એક સરખો જાણી શકે છે તેમાં બીજાની આંખોની જરૂર પડતી નથી. કેવલજ્ઞાન રૂપી ચક્ષુથી એક સરખું દેખી શકે છે તેથી તે કથે છે તે સત્ય કથાય છે. પુસ્તકોમાં તો વારંવાર પ્રક્ષેપ ફેરફારો તથા તેઓ ! અર્થમાં મતભેદો વગેરે અનેક ભેદો ઉપસ્થિત થાય છે. તેથી વેદો વિગેરેના અર્થોમાં હાલ જેમ અનેક દર્શન મતભેદો થયા છે, તેવું થાય છે અને થશે. તેથી મનુષ્યો તત્વજ્ઞાન સમજવામાં મતિભેદે અનેક ભેદો કરી ગોટાળો કરે છે તેથી અમારા જૈન શાસ્ત્રોના આધારે અમો જૈનો માનીએ છીએ કે એવો ગોટાળો ન થાય તે માટે કેવલજ્ઞાની તીર્થંકર જૈન ધર્મની પુનઃ સ્થાપના કરે છે. તેથી પરંપરાએ થતી અસત્ય મલીનતા ટળી જાય છે અને પૂર્ણ સત્યતત્ત્વનો તીર્થંકરોની અપેક્ષાએ વારંવાર તીર્થરૂપે પ્રકાશ થાય છે અને લોકોને પૂર્ણ સત્યતત્ત્વ જાણવાનું મળે છે તેથી ચોવીસ તીર્થંકરોએ જૈન ધર્મનો પ્રકાશ કર્યો છે અને એ ચોવીસે તીર્થંકરોએ કથેલ ષડ્દ્રવ્ય અને સાત-નવ તત્ત્વમાં હજી સુધી ફેરફાર પડ્યો નથી.

લાલાજી મહાશય ! ! હવે તમો જાણશો કે, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીર બન્ને સર્વજ્ઞ હોવાથી બન્નેએ કેવલજ્ઞાનથી સ્વતંત્ર રીતે એકસરખું જૈન તત્ત્વજ્ઞાન તથા જૈન ધર્મ પ્રકાશ્યો હતો.

શ્રી મહાવીર પ્રભુને જ્યારે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે હિંદમાં પંડિતાઈના પ્રસિદ્ધ ઇન્દ્રભૂતિ વગેરે અગિયાર મહાપંડિત બ્રાહ્મણો આવ્યા, શ્રી મહાવીર દેવે તેઓની શંકાઓને વેદ શ્રુતિઓના આધારે ટાળી હતી. અગિયારે પંડિતો વેદને માનતા હતા. અને તેઓને વેદોની શ્રુતિઓમાં શંકા પડી હતી, તેથી પ્રભુ મહાવીર દેવે, વેદોની શ્રુતિઓનો પરસ્પર સમન્વય કરી તથા તેઓનું લક્ષ્ય કથી તેઓને શંકા રહિત કર્યા તેથી તેઓએ જાણ્યું કે પ્રભુ સર્વજ્ઞ છે. એ ઉપરથી જાણશો કે પ્રભુ મહાવીર દેવે વેદોનું ખંડન કર્યું નહોતું અને વેદોની શ્રદ્ધાવાળાને વેદોના આધારે સમજાવીને તેઓને જૈન ધર્મી બનાવ્યા હતા. તેથી કંઇ વેદોનું ખંડન થયું નહિ. કારણ કે વેદોથી પણ જૈન ધર્મની સિદ્ધિ થાય છે એવું અમોએ અમારા રચિત ઈશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ-વિવેચનમાં જણાવ્યું છે વેદોમાં જે સ્યાદ્વાદ દૃષ્ટિએ સત્ય છે તેઓને જૈનો માને છે. અને અસત્યનો ત્યાગ કરે છે. એવો તીર્થંકરોનો ઉપદેશ છે તેથી જૈનોને વેદોમાં જે સાપેક્ષ સત્ય જ્ઞાન છે કે જે સ્યાદ્વાદ દૃષ્ટિએ સાપેક્ષાએ સત્ય ઠરે છે તેનાથી વિરોધ નથી.

લાલાજી હિંદ અને યુરોપીયનોના મત ઉપર પોતાનો મત બાંધીને જે કંઈ અન્ય દેશીય વિદ્વાનો ની શ્રદ્ધાએ માને છે તેમાં તેમની ભૂલ છે કારણકે જો એ પ્રમાણે સમજ્યા વિના અન્ય લોકોના મતને માને તો યુરોપના અનેક વિદ્વાનો વેદોને ત્રણ હજાર વર્ષના ઠરાવે છે તથા તેમાં તત્ત્વજ્ઞાન જણાતું નથી, તથા બાલ્યકાલની દશાનું જ્ઞાન એમાં છે એમ જણાવે છે તે લાલાજીને માન્ય કરવું પડશે. તથા બૌદ્ધો વેદોને અપ્રમાણિક ઠરાવે છે તે પણ માનવું પડશે. તેથી લાલાજીએ તે લાગ ન લેવા જતાં વેદરાજ દૃષ્ટિથી વેદો માટે અન્ય લોકોનું અનુમાન ન પ્રમાણિક માન્યું અને જૈન ધર્મ માટે અન્ય યુરોપીય લોકોનું જુઠું અનુમાન આગળ કર્યું તેમાં

તેમની પક્ષપાત દષ્ટિ તથા અન્ય ધર્મના અસહિષ્ણુતા તથા એકલા વેદોની માન્યતા ઉપર જ અન્ય ધર્મીઓને ઉતારવાની કૂપમંડુકતા અને ધાર્મિક પોલીટીકલ દષ્ટિ હોય તો તે ખાસ શોચનીય છે, તેથી તેમના ખુલાસા વિના તેઓ પર અમે શંકાનો આરોપ કરી શકીએ. સનાતન હિંદુઓને, પૌરાણિકોને તથા બૌદ્ધોને પણ તેમણે તેઓની માન્યતા ઉપર વાળવા પ્રયત્ન કર્યો છે તેમાં કશું આશ્ચર્ય નથી. કારણકે દરેક મનુષ્ય પોતાના ધર્મની પક્ષપાતના કરીને લખે છે તેમાંથી લાલાજી છુટ્યા નથી.

લાલાજી દેશનેતા છે. તેમણે તો ઐતિહાસિક દષ્ટિમાં દરેક ધર્મની સત્ય માન્યતા તે તે ધર્મવાળાના શાસ્ત્રાનુસારે લખવી જોઈએ પણ તેમાં પોતાનો સ્વતંત્ર મત જાહેર ના કરવો જોઈએ, તેમાંજ તેમની ધાર્મિક ઐતિહાસિક મહત્તા છે. લાલાજીએ ભારતવર્ષના ઇતિહાસમાં ઐતિહાસિક દ્રષ્ટિને કોરે મૂકી પોતાના વિચારોને અગ્રસ્થાન આપ્યું છે તેમ ન બનવું જોઈએ.

લાલાજી!! તમો દેશની બાબતમાં સર્વને સ્વરાજ્યની એક સરખી માન્યતા હોવાથી તેમાં આગેવાનીપણું ભોગવી શકો પણ ધર્મની બાબતમાં હાથ ઘાલીને જૈનોને અન્યાય આપવાથી તેમાં તમારી મહત્તાને ઘટાડી છે તે પ્રત્યક્ષ દીપક જેવું છે. તમારા આર્યસમાજના સ્થાપક શ્રી દયાનંદ સ્વામીએ જૈન ધર્મનું ખંડન કરવા સત્યાર્થ પ્રકાશ ગ્રંથમાં ઘણા ફાંફાં માર્યાં. તેમને અનુસરી તમારે પણ કંઈ લખવું પડ્યું તે અયોગ્ય છે, કારણ કે તમોએ સાર્વજનિક ઐતિહાસિક બાબતમાં જૈનોને ઘણો અન્યાય કર્યો છે. તમો સત્ય જિજ્ઞાસુ હશો તો દ્વિતીયાવૃત્તિમાં તમારાથી થએલી ભૂલનો સુધારો કરશો અને તમારી ટીકાઓને પાછી ખેંચી લેશો.

['લાલા લજપતરાય અને જૈનધર્મ પુસ્તકમાંથી ઉધૃત']


## નવાં બે પ્રકાશનો:—

૧ **સચિત્ર શ્રી શ્રીપાળ રાસ**—(૪૦ ફારમનો પૂજાઓ ઉજમણાવિધિ વિ. થી ભરપૂર) પાકા કલોથ બાઈન્ડીંગ આકર્ષક જેકેટ સાથે કિં રૂ. ૭–૫૦.

૨ **૨૧૬ ચિત્રોની રંગેરંગી ચિત્રમય શ્રીપાળ રાસ**

પંચરંગી બ્લોકના જેકેટ અને કલામય બોક્ષ સાથેના દળદાર ગ્રંથ કિં. રૂ. પચીસ

**પાંચથી વધુ નકલ મંગાવનારને કમિશન આપવામાં આવશે.**

પત્ર વ્યવહારનું સરનામું-૧ **પં. છબીલદાસ કેશરીચંદ સંઘવી**

દાદાસાહેબ પોળ—**ખંભાત.**

૨ **શ્રી જશવંતલાલ ગિરધરલાલ**

૩૦૯/૪ દોશીવાડાની પોળ—**અમદાવાદ.**

**ઉપરોક્ત બન્ને સ્થળેથી—**

શ્રી **કલ્પસૂત્ર ખેમશાહી** કિં. રૂ. ૨૨, **શ્રી પૂજા સંગ્રહ** ૧૧ ભાગ રૂ. ૬–૫૦, **પ્રતિષ્ઠા કલ્પ ભા. ૧ લો** (અસલ) રૂ. ૧૨, **પ્રતિષ્ઠા કલ્પ ભા. ૨ જો** રૂ. ૫, **અઢાર અભિષેકવિધિ** (અસલ) ૦ ૬૨ તેમજ ૧૬ મુદ્રાઓ તથા **ચ્યવન જન્મ અંજનના** આર્ટ કાર્ડ ઉપરના ફોટાઓ, **નંદાવર્ત** કાપડનું પ્રાણ રૂ. **વીશ સ્થાનક** અર્ધપટ્ટ, કાગળનું **શાન્તિ સ્નાત્રાદિની વસ્તુઓની** યાદી. વિ. સાહિત્ય પ્રતિષ્ઠા આદિ વિધિઓમાં ઉપયોગી સાહિત્ય માટે ઉપરનું સરનામું અવશ્ય યાદ રાખો.

# ગાતા ફુલ :

લેખક : ગુણવંત શાહ

'યશોદા ! મારી બેન ! અરે ! એ તો કહે તને વર્ધમાન કેવો લાગ્યો ? બાકી છે તો રૂપનો ટૂકડો હોં ! એનું મેં જ્યારે હસમુખ મોં જોયુ, ત્યારે તો મારા ય હોઠ સળવળી ઊઠયા હતા. ઘડી થઇ ગયું, કે એક, ના, ચુંબનોનો એ ગાલ પર વરસાદ વરસાવી દઉં......'

'અ...હં...અ...અ...એમ ના બોલીશ. ના બોલીશ મારી બેન ! એમ ના બોલીશ... એવો વિચાર પણ ન કરીશ.

બેન ! મને પણ તારા જેવું જ થયું હતું. પરણ્યાની પહેલી રાતે મેં એને પહેલ વહેલો જોયો ત્યારે હું પણ ભાન ભુલી ગઈ હતી ! મનમાં એવા મીઠા સ્પંદનો તોફાન કરી ઊઠયા હતા કે હું ય કાબૂ ગુમાવી બેઠી હતી !...

પ...ણ...જ્યાં મેં એની આંખોમાં આંખો પરોવી ત્યારે મેં આશ્ચર્યોનું એક આશ્ચર્ય અનુભવ્યું.

યૌવનનો ઉછાળો ધીમો પડી ગયો. ઊર્મિઓનાં તોફાન શમી ગયાં. આંખોની અધીરાઈ જતી રહી. અંતરનો મીઠો અજંપો શાંત બની ગયો.

હું ધીમે ધીમે ક્યાંક ગૂમ થઇ ગઈ !... શરીરનું ભાન હું ભૂલી ગઈ !...

એક તેજરેખા ક્યાંક પ્રગટી ઊઠી. ધીમી, સ્વસ્થ એ નિતાંત નિર્મળ એ પ્રકાશી રહી. બેન ! જીવનમાં ક્યારેય નહિ અનુભવેલી એવી મેં શાંતિની લાગણી એ ઠંડા કિરણોથી અનુભવી.

ભલે ! શરમાતી, પણ હું ઊભી તો એને ભેટવા જ થઈ હતી. એની છાતીએ જડાઇ જવાની ઉતાવળમાં જ હું તો હતી.

પ...રં...તુ... એની આંખોનું એ ઓજસ્વી તેજ એના વદન પર રેલાતું મેં મુલાયમ સ્મિત જોયું અને તેની છાતીએ વળગવાનું વિસરી, એના ચરણોમાંજ હું તો ઝુકી પડી !...

અને જ્યારે એણે મને ધીરા સ્વરે બોલાવી ઊભી કરી ત્યારે જ હું સમજી શકી, કે હું કોઇ સંસારીને નહિ, એક યોગી મહાયોગીને પરણી હતી !..

એના શ્વાસમાંથી કોઇ અગમ્ય એવા દિવ્ય સંગીતના સૂરો ઘોળાતાં મેં સાંભળ્યાં !...

એના હોઠો પર મેં કોઇ અનોખી મસ્તીની ગીત પંક્તિઓ ગૂંજતી સાંભળી !... મેં એની આંખોમાં પવિત્ર એવી એક જ્યોત-લેખા ચમકતી જોઇ !...

અને મને એ સ્થિર પ્રકાશને છંછેડવાનું ઠીક ન લાગ્યું. એની સૂર સમાધિ તોડવાનું મને ન ગમ્યું. એ ગીતોનો મીઠો ગુંજારવ અટકાવવાનું મારું મન ન માન્યું.

અને હું એના કદમોમાં ઢળી પડી !...

બેન ! મારી, એ વર્ધમાન મને, રૂપના સ્ફટિક જેવા હાડકાંની નીચે છુપાયેલો કોઇ જોગંદર જોગી લાગ્યો. અલખનો અવધૂત મેં એ હાડમાંસમાં જોયો !..

અને મેં નક્કી કર્યું. ના, એ દેહને અભડાવાય નહિ. એની તો હું પૂજા જ કરીશ. બસ, ત્યારથી મેં એને મારો પતિ નથી

માન્યો. મારો આરાધ્ય દેવ ગણુ મેં એની ભક્તિજ કરી છે... '

એ તો મને વિષાદના ઘેરા, અતિઘેરા, ઊંડા ને ઝીણા અવાજે કીધું ત્યારે જ મને સમજાયું.

બાકી, નહિ તો મેં ય એના જેવું કરવામાં કશું જ બાકી નથી રાખ્યું.

એની જેમ જ મેં ઘર છોડયું હતું. સંસાર મેલ્યો હતો. અને જંગલમાં જઇ વસ્યો હતો. એ જ્યાં જ્યાં ગયેલ ત્યાં ત્યાં હું ગયો હતો. એ જે ખંડેરોમાં અખંડ રાત જાગ્યો હતો તે ખંડેરોમાં મેં પણ અખંડ જાગરણ કર્યું હતું. પેલા નદી કિનારે હું પણ ખુલ્લા દેહે ઊભો રહ્યો હતો, જ્યાં એક વેળા એ પણ તેમ જ ઊભો રહ્યો હતો. એના રસ્તે રસ્તો હું ખૂંદી વળ્યો હતો અને તે પણ એની માફક જ ઉઘાડા પગે અને નિર્જળ !... એય ભૂખ્યો રહ્યો હતો. તેણે ય શરીરને સૂકવી નાખ્યું હતું. મેં પણ ઉપવાસ કરી કરીને આ શરીરને ખોખલુ બનાવી દીધું હતું. બરાબર એની જેમજ હું પલાંઠી વાળી, આંખો મીંચીને દિવસો સુધી બેઠો હતો. એણે જે જે કર્યું, જેમ જેમ કર્યું, જેટલું કર્યું તે બધુંજ મેં કર્યું હતું. અરે ! એની એકલાની જ છબિ આંખ સામે રાખી હું વરસો સુધી જીભ શીલીને ભટક્યો હતો ! ચંડકૌશિક તો મને નહોતો ભેટયો, પણ એક વાર મને પેલો વિકાર ડસ્યો હતો ત્યારે હું પણ, બરાબર, એ જે શબ્દો બોલ્યો હતો તે જ ' બુઝ બુઝ' શબ્દો બોલી ગયો હતો !...

ખરેખર ! હું એનો અરિસો બનીને જ જીવ્યો હતો ! એના બધાજ પ્રતિબિંબ મેં મારા જીવન અરિસામાં ઉપસાવ્યા હતા !..

પ...ણ... મને એના જેવી શાંતિ ન જ મળી !... એને મુક્તિ મળી અને હું તો ભવોભવ ભટકતો જ રહ્યો. એ આત્મતત્ત્વમાં ઓગળી ગયો પણ હું તો હજુ ય આ સંસારમાં ખદબદું છું !...

મેં મારા મનને પૂછ્યુ : ' આમ કેમ ? જીવન તો બરાબર એના જેવું જ હું તો જીવ્યો હતો. છતાંય એને મુક્તિ ને મને આ જીવન મરણની ગુલામી કેમ ?

પરંતુ એ તો મને વિષાદના ઘેરા, અતિઘેરા ઊંડા અને ઝીણા અવાજે કીધું ત્યારેજ સમજાયું:

કે મેં તો બધી અવળીજ સાધના કરી !....

એણે સમજાવ્યું : ' મેં ઘર છોડયું હતું, ઘરનો મોહ નહિ, સંસાર મેલ્યો હતો, એનો રાગ નહિ. ખંડેરોમાં અખંડ રાત જાગ્યો હતો, પણ રાહ તો હું, 'ક્યારે સવાર પડે' એ જ જોતો હતો. નદી કિનારે એની જેમ ઉઘાડા શરીરે ઊભો તો રહ્યો હતો, પરંતુ મેં એમ શા માટે એ તો કદી વિચાર્યું જ નહતું. ઉઘાડા પગે વિચરતો હતો, પણ એની જેમ કરુણાભાવથી નહિ. બસ એ વિચરતો હતો એટલે હું પણ વિચરતો હતો. ભૂખ્યો તો હું વરસો સુધી રહ્યો હતો પણ મેં સ્વાદ નહોતો ગુમાવ્યો. પલાંઠી વાળી આંખો મીંચીને કલાકો સુધી હું બેસી રહ્યો હતો. પરંતુ મેં એ બંધ આંખોથી કશું જ જોયું નહતું. એ સ્થિર આસને મેં ચિંતન તો સહેજે ય નહોતું કર્યું. ' બુઝ બુઝ '

(અધુરૂ પાન ૧૭ પર)

# અધ્યાત્મજ્ઞાનદિવાકર—

લેખકઃ-**મણીલાલ હાકેમચંદ ઉદાણી,** એમ. એ. એલએલ. બી. એડવોકેટ-**રાજકોટ.**

દુનિયામાં જેટલા મહાન પુરૂષો થયા છે તે બધા પુર્વજન્મના યોગીઓ હોવાથી તેમનું અધુરૂં રહેલું કાર્ય પુરૂં કરવાને જ આવે છે. તેઓ પુર્વજન્મના સંસ્કાર અને જ્ઞાન લઈને જ જન્મે છે અને તેમના અદ્‌ભુત કાર્યોથી અમર થઈ જાય છે. શ્રીમદ્ બુધ્ધિસાગરસુરીશ્વરજી તેવાજ એક મહાપુરૂષ હતા, અને તેમનું જીવન આદર્શ છે. જેહનોગ હેમચંદ્રાચાર્ય અને આનંદઘનજી મહાન કાર્ય કરી ગયા. ત્યાર પછી આ શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજીનું સ્થાન અગ્રસ્થાને આવે છે. તેમનો જન્મ એક કણબી કુટુંબમાં થયો હતો, પિતાનું નામ શીવદાસ, માતાનું નામ અંબાબાઈ અને તેમનું નામ બહેચર-દાસ પાડવામાં આવેલ હતું. તેમનો જન્મ મહેસાણા તાલુકાના વિજાપુર નામના નાના ગામમાં થયો હતો. માતાપિતા શીવ અને વિષ્ણુ ધર્મ પાળતા હતા. ધર્મનિષ્ઠ હતા અને ખેતીનો ધંધો કરી સાદું જીવન ગુજારતા હતા. બાળક જન્મથીજ તેજસ્વી હતો. એક વાડીમાં માતા ઝુલાવતી હતી ત્યારે મોટો નાગ ઝોળીયા ઉપર ચડી ગયો. માતાથી રાડ પડી ગઈ પરંતુ નાગ તુરત નાસી ગયો અને તેવામાં એક મહાત્મા ધર્મદાસ નીકળ્યા તેમણે કહ્યું કે "શીવદાસ તેરા લડકા બડા ભાગ્યશાલી હૈ આગે બડા મહાત્મા હોગા" અને તે સાચું પડયું. ગામડામાં ભણ્યા તે સામાન્ય ભણ્યા. પરંતુ જન્મથીજ મા સરસ્વતીની કૃપા હોવાથી તેઓ જ્યાં મળે ત્યાંથી જ્ઞાન મેળવવા લાગ્યા. બાળપણમાં પિતાનો ધંધો ખેતીનો હોવાથી ઢોર ચારવા જાય. માતાને દળણું દળવામાં મદદ કરે. એવી રીતે ઘરકામ પણ કરતા. જરા મોટા થયા ત્યારે જૈનોના પ્રસંગમાં આવ્યા. મુનિઓને ત્યાં જવા લાગ્યા અને તેમનું મન જૈન ધર્મ પ્રત્યે આકર્ષાયું. માતાપિતા ગુજરી ગયા. જૈન કુટુંબમાં તેઓને માટે માન હોવાથી ત્યાં ઉછર્યા. પરંતુ પુર્વકર્મના યોગી હોવાથી સંસારના કોઈ કાર્ય ઉપર તેમનું મન લાગ્યું નહિં જેથી સંસાર ત્યાગ કરવાનો વિચાર કરી જૈન મુનિશ્રી સુખસાગરજી પાસે દિક્ષા લીધી. દિક્ષા મહોત્સવ પાલણપુરમાં થયો ત્યારે હાથીની અંબાડી ઉપર બેસાડીને તેમનો વરઘોડો કાઢવામાં આવ્યો પરંતુ તેમને કશામાં મોહ ન હતો. પીંડા ચાટવાને માટે બાળકીઓને પણ તેમના શરીરનો સ્પર્શ કરવાની ના પાડી અને જીવનપર્યંત અખંડ બ્રહ્મચારી રહ્યા. તે બ્રહ્મચર્યના તેજથી કેવટ મુખો તેમની આંખમાં અપાર તેજ અને શક્તિ રહી. જૈન સાધુઓનું જીવન એવું હોય છે કે તેમનો દિવસનો અમુક વખત ઉપદેશ આપવામાં જાય છે. કેટલાક વખત ધર્મ-

---

(પાન ૧૬ નું અધુરૂં)

તો હું યે બોલ્યો હતો, પણ એ તો એ શબ્દો મેં ગોખી નાખ્યા હતા એટલે; એના જેવી શબ્દ સાધના તો મેં કરી જ નહતી.

મેં સાધના કરી હતી, પણ ધ્યાન વિનાની. તપ કર્યું હતું, પણ ભાવના વિનાનું. આંખો મીંચી હતી, પણ મન તો જાગૃત હતું.

એણે સાધનામાં પ્રાણ પૂર્યો હતો. ઉપાસનામાં ચેતન રેડયું હતું એણે ભાવના ભાવી હતી અંતરની ઉંડી આરતોથી એણે આરાધના કરી હતી. દેહ એકલો નહિ, મનના વિકારો પણ એણે ખોખલા કર્યા હતા.

જ્યારે હું તો એનું નિર્જીવ પ્રતિબિંબ જ બની રહ્યો હતો. પ્રાણહીન એવી એક નકલી આકૃતિ જ બનાવી રહ્યો હતો.

ખરેખર! આ બધું તો મને વિષાદના ઘેરા, અતિઘેરા, ઊંડા ને ઝીણા અવાજે કીધું ત્યારે જ સમજાયું !... ..

ક્રિયામાં જાય છે. ભીક્ષા લઇ આવીને નિર્વાહ કરે છે. અને કપડાંનો પણ પરિગ્રહ રાખવો પડે છે. આવી સ્થિતિમાં પણ આ મહાત્માએ જૈન ધર્મના શાસ્ત્રોનો, હિન્દુ ધર્મના શાસ્ત્રોનો અને સંસ્કૃત, માગધી વગેરે ઘણી ભાષાઓનો ઉંડો અભ્યાસ કર્યો. કાશીમાં જઇને ઘણા ગ્રંથોનું અધ્યયન કર્યું અને ત્યારબાદ મહાન પુસ્તકો લખવાનું કામ કરવા માંડ્યું. જ્યારે પણ સમય મળે ત્યારે રોજની બે પેન્સીલ ઘસાઈ જાય તેટલું લખ્યા કરતા. અને તેને પરિણામે તેઓ અધ્યાત્મ જ્ઞાનથી ભરપૂર આશરે એકસો અગીઆર ગ્રન્થો લખતા ગયા છે. આ પુસ્તકો અત્યારે મુંબઇમાં અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રસિધ્ધ થતા જાય છે. તેમનો કર્મયોગનો ગ્રંથ ૭૦૬ પાનનો છે તે અદ્‌ભુત છે. અને તીલક મહારાજને પણ કામળામાં લખવું પડ્યું કે "જો મને ખબર હોત કે આપ આવો ઉત્તમ કર્મયોગનો ગ્રંથ લખવાના છો, તો હું ગીતાનો કર્મયોગ લખત નહીં" સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને લખવું પડ્યું કે "જૈન સંપ્રદાયના અને ગીતાના તત્ત્વજ્ઞાનમાં ભેદ નથી" સ્વર્ગસ્થ સુરીશ્વરજીની બાહોશ કલમે લખાયેલા ઘણા ગ્રંથો માંહેનો આ ગ્રંથ અમુલ્ય છે. ગીતામાં જે બોધ શ્રીકૃષ્ણે અર્જુનને આપ્યો તેવું જ સ્થાન આ ગ્રંથમાં સંસ્કૃત શ્લોકો રચીને શ્રીમદે આપેલું છે. તેમના બધા ગ્રંથોમાં અધ્યાત્મજ્ઞાન નીતરે છે. અને કર્મ કરવા છતાં નિષ્કામ રહી જીવનમુક્ત થવાનો ઉપદેશ આપવામાં આવેલ છે. તેમના ગ્રંથો જૈનો, હિન્દુઓ, મુસ્લીમ અને કોઇપણ જ્ઞાતિના લોકો વાંચે તો તેમાંથી ઘણું જાણવાનું મળે તેમ છે. તેઓ એક મહાન સાહિત્યકાર, યોગી, કવિ અને ત્યાગી હતા, અને તેમના ભજન સંગ્રહના અગીઆર ગ્રંથો કુદરતી રીતે જ શુધ્ધ આત્માના ઝરણા વહેતા હોય તેવા ઉત્તમ ભજનોથી ભરેલા છે. આશરે ૪૦ વર્ષ પહેલાં તેઓએ જે ભવિષ્ય ભાખ્યું હતું તે ખરું પડ્યું છે. કોઇ જાણતું ન હતું કે રાજાઓના રાજ્ય જશે છતાં આજે નાબુદ થયા છે. હુન્નરકળાનું સામ્રાજ્ય વધ્યું છે. સાયન્સની શોધો આગળ વધી છે. અને રેડીઓ મારફત દેશોદેશના ખબરો સાંભળી શકીએ છીએ. બધા દેશમાં સ્વાતંત્ર્યના મંડાણ થઇ રહ્યા છે. અને જ્ઞાનવીરો તથા કર્મવીરો ઉત્પન્ન થતા જાય છે. આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે તેઓ ભવિષ્યવેત્તા હતા. તેમના જીવનમાં અનેક ચમત્કારી ઘટનાઓ બની ગઇ છે. જ્યારે આત્મામાં જ્ઞાનના આવરણ ખસી જાય છે, ત્યારે જે વાણી અને લેખ લખાય છે, તે બધા આત્માની સ્વશક્તિમાંથી જ નીકળેલા હોવાથી તેની અસર દરેક વાંચનારને થાય છે. આવો અનુભવ આપણે મહાત્માશ્રીના જીવનમાં જોઇએ છીએ. અનેક ધનવાનો એમની તહેનાતમાં હાજર હોવા છતાં તેઓએ કોઇની પાસે ધનની યાચના કરી નથી. કામદેવને તો તેમણે જીતી લીધો હતો. જેથી કંચન અને કામીનીનો મહાન ત્યાગ હોવા છતાં તેમને કીર્તિની પણ લાલસા ન હતી. તેમના ગ્રંથો પણ છપાવવાની તેમણે ઇચ્છા કરી ન હતી. રાજ્યતંત્રનો પણ તેમણે ઉંડો અભ્યાસ કર્યો હતો અને તેમના ગ્રંથમાં બ્રિટન, અમેરિકા વગેરે ઘણા દેશોને વિશ્વશાંતિ માટે જે ઉપદેશ આપ્યો તે મનન કરવા જેવો છે. આ અધ્યાત્મ યોગીએ બધા દેશોને માટે લખ્યું છે કે "હે સત્તાધીકારીઓ! તમો તમને મળેલી સત્તાનો દુરઉપયોગ ન કરો. હૃદયમાં પરમેશ્વરને રાખીને વર્તો. પ્રજાના હીતસ્વી બની રાત્રીદિવસ લોકોના હીત માટે પ્રવૃત્ત કરો. અન્યાય, જુલમ, દંભ, હિંસા, જુઠ વગેરે પાપ કર્મોથી દુર રહો. હે! ધનવંતો! તમારા ધનનો સદ્‌ઉપયોગ કરો, અન્યોના ભલા માટે ધન વાપરો. કૃપણ ન બનો, અન્યોના દુઃખ દેખી બેસી ન રહો. ધાન્યના ભંડારોને લોકોના હીતાર્થે વાપરો. પશુઓ અને પંખીઓની કતલ ન થાય તેવા ઉપાયો યોજો." ભારતને માટે તેમણે લખ્યું છે કે "હે ભારત! સર્વ લોકોને અધ્યાત્મ જ્ઞાન બળ આપ. તારા સર્વ પ્રજાકીય અંગોમાં સત્વ, સત્ય, નિર્ભયતા, એકતા, અને શુધ્ધ પ્રેમ વીકસાવ, સ્વરાજ્યવાદીને ભીખ માગવાની હોય નહિ. તારી શાંતિ સ્વતંત્રતામાં સર્વ વિશ્વની ઉન્નતિ છે. અને તે ભવિષ્યમાં પ્રકાશશે

( અધુરા માટે જુઓ પાન ૧૯ )



# આગાહી અને આલિંગન.....

—શ્રીમદ્ બુદ્ધિસાગરસુરિજી



...અરેરે !...મને કોઇ સમજનાર ન મળ્યો !...

...મારા શરીરમાં એક પણ લોહીનું ટીપું જ્યાં સુધી હશે ત્યાં સુધી હું મારી ફરજ બજાવ્યા જ કરવાનો...

...જ્યાં સુધી આ દેહમાં શ્વાસોશ્વાસ ચાલે છે, ત્યાં સુધી તો કોઇપણ કાર્ય કરતાં પરિશ્રમ નહિ ગણું. આ જીવનને જગત્‌ના ઉપકારાર્થે વાપરવામાં કેમ નિર્બળતા ધરવી ?...

---

( પાન ૧૮નું અધુરું )

હિન્દુ, મુસલમાન આદિ સર્વ ધર્મ અને જાતિઓ-વાળા પરસ્પર એક બીજાના આત્માને દેખી આત્મ પ્રેમે વર્તો અને ભારતની સ્વતંત્રતામાં એક આત્મા બની રહો ” જૈન મુનિઓને ભ્રમણ કરવાનું હોવાથી તેઓએ ઘણું કાર્ય કર્યું. મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ પણ તેઓને મળીને ઘણુાજ ખુશી થઈ ગયા. સાહિત્યના ક્ષેત્રમાં તેઓએ ઘણો વધારો કર્યો છે ગુજરાતમાં અનેક સાક્ષરો થઇ ગયા છે. તેમાં આ મહાન વિભુતિએ ઘણો ફાળો આપ્યો છે. મૃત્યુને પણ તેમણે મહોત્સવ ગણ્યો હતો અને તેમણે દેહ છોડવાનો સમય આવ્યો ત્યારે જેમ સર્પ કાંચળીને મુકીને ચાલ્યો જાય છે તેમ તેમનો આત્મા સંવત ૧૯૮૧ માં આ દુનિયા છોડી જન્મમરણના ફેરામાંથી મુક્ત થઇ અમર થઇ ગયો.

કોટિ વંદન હો ! એ વિમલ વિરલ, દિવ્ય, યોગ વિજેતા, વિભૂતિને !

...જીવતાં મરજીવા બનીને જીવવું જોઇએ. આવી દશાનો ખ્યાલ આવ્યો છે અને તેથી આગળના અનુભવ પ્રદેશમાં આગળ જવા પુરુષાર્થ કરું છું...

...શરીર સારું થાય અગર દુઃખી થાય, તે બંનેમાં વસ્ત્રના ગ્રહણ ત્યાગ જેટલી બુદ્ધિ ઉપયોગથી વર્તે છે...

...મારા શરીર માટે ડૉ. કુપરનો મત જાણ્યો. મ્હને તો ક્યારનો શરીરનો ભરુસો નથી. જેટલું ચેતાય છે તેટલું ચેતીએ છીએ. આવતી કાલે મૃત્યુ આવે તોયે આત્મા અને મનનું સ્વરૂપ જાણવાથી નિર્ભય દશા વર્તે છે. આત્મજ્ઞાન વર્તે છે. હું તો પરવારીને ક્યારનો બેઠો છું. વિશેષ ભાગે કર્મયોગીની પ્રવૃત્તિ સેવાય છે...

...ભાઇઓ, મુસાફરી પૂરી થઇ છે. જે કાંઇ પૂછવું હોય તે લઇ લો, નહિતર પાછળથી પસ્તાવો થશે...

...મારી શરીર પ્રકૃતિ હવે નરમ રહે છે. તેનો ઉપયોગ રાખજો. વીજાપુરથી એક બે દિવસમાં મહુડી જઇશ...

...ભાઈ ! હવે આ છેલ્લે વરઘાગિયા વેડા શા ? હવે નવી કામળ લેવાની નથી. આ કામળ છેલ્લી છે...

...હવે આ દેહનો ભરોસો નથી. હું તમોને સહુને ઘણા નમ્ર ભાવે ખમાવું છું...

...ભાઇ ! બુદ્ધિસાગર, આત્મસ્વરૂપમાં રહેજે; જરા પણ ગભરાઇશ નહિ. તારી પાછળ જ આવું છું...

# જીવન ગંગા

લેખક—નાગકુમાર મકાતી

આંખલડી અનમોમાં રમતી ઉછળે ઉરનાં પૂર,
સત્ ચિત્ આનંદે ખેલંદા ધર્મ ધૂરંધર શૂર.
—કવિ નાનાલાલ

[illegible] મહિનો ચાલતો હતો. વિજાપુરના કણબીઓના ખાટમાં શુક્લ પક્ષની બારસનો પોંક પાડવાની તૈયારી હતી. ઓટલે બેઠો બેઠો કણબીનો એક નવ વર્ષનો છોકરો દાતણ ચાવી રહ્યો હતો.

“બહેચર” ઘરમાંથી તાવથી પીડાતી એક બાઈનો અવાજ આવ્યો.

“શું છે મા?” કહેતાકને બહેચર હાથમાંના દાતણ સાથે ઘરમાં દોડ્યો.

“ભાઈ, મારે આજ કાલનો અગીઆરસનો ઉપવાસ છે. આપણા ખેતરમાં જાફરીઆ કુતરાને પણ કાલનો ઉપવાસ છે. તું તેને ખાવા આપવા જઈશ? મારી તબીયત સારી હોત તો હું જાત.” માતાએ હેતથી પૂછ્યું.

“જાફરીઓ ઉપવાસ કરે છે? કુતરો તે ઉપવાસ કરતો હશે?” નાના બહેચરને આશ્ચર્ય થયું!

“હા ખરી વાત છે. તું રોટલો આપી આવ.” માતાએ કહ્યું.

બહેચર રોટલો ને છાશ લઈ ખેતરમાં ગયો અને પોતાના પ્યારા જાફરીયાને ખવડાવ્યું. તેના મગજમાં જાફરીયાની પરીક્ષા કરવાનો વિચાર આવ્યો. બીજી અગિઆરસને દિવસે બહેચર ફરી રોટલો લઈને ખેતરમાં ગયો અને જાફરીયાના મોં પાસે ધર્યો. પણ જાફરીયાએ તે નહિ ખાતાં ધૂળમાં દાટી દીધો. બીજે દિવસે સવારે બહેચર ફરી ખેતરે ગયો ત્યારે જાફરીયાએ દાટેલો રોટલો ખોદી કાઢ્યો અને ખાધો.

એ ત્રણ અગીઆરસ સુધી જાફરીયાની પરીક્ષા લેવાઈ પરંતુ તે સાચો ઉપવાસી ઠર્યો.

નાના બહેચરને ઘણું આશ્ચર્ય થયું. કુતરો અગીઆરસ શી રીતે સમજી શકતો હશે અને તે શા માટે ઉપવાસ કરતો હશે એ પ્રશ્નો તેના બાલ મગજને મુંઝાવવા લાગ્યા. તેનો ઉકેલ તેનાથી તે વખતે ન થઈ શક્યો તો પણ જાફરીયાએ બહેચરના નાનકડા મગજ પર એટલી જબ્બર અસર કરી કે જીંદગી પર્યંત જાફરીયાને પોતાના જીવન વિકાસના એક સીમા ચિન્હ તરીકે તેનાથી ભૂલી શકાયો નહિ અને ધર્મી ભગત તરીકે તેના તરફ અત્યંત માન રહ્યું.

° ° ° °

કુંદન માટીમાંથી નીકળે છે તેમ મોટા માણસો અતિ સામાન્ય વર્ગમાંથી પાકે છે એવો જગતનો જૂનો અનુભવ છે. બુદ્ધિસાગરજીની જીવનકથાએ આ અનુભવને સાચો ઠેરવ્યો છે. કણબી પાટીદાર જેવી એક પછાત કોમમાંથી જૈનાચાર્ય જેવા મહાન કઠીન અને જવાબદારીવાળા ધર્મગુરુના પદે પહોંચવું એ જેવું તેવું કાર્ય નથી. તેમાં પ્રખર બુદ્ધિમત્તા, ઉત્કૃષ્ટ સંયમ, અગાધ જ્ઞાન, પ્રચુર ઓજસ, અને

મહાન પ્રતિભાની જરૂર પડે છે. શ્રી બુધ્ધિસાગરજી (પુર્વનામ બહેચર) માં આ વસ્તુઓ હતી એમ તેમની સમસ્ત કારકીર્દિ જોતાં જણાઇ આવે છે.

બાળપણથી જ તેમના મગજ ઉપર નીતિના સંસ્કારો દ્રઢ રીતે પડ્યા હતા. ખેતી ઉપર જીવનારો ખેડુત ભાગ્યેજ કાવાદાવા જાણતો હોય છે. તે સરળ અને સંતોષી હોય છે. બુધ્ધિસાગરજીના માતાપિતા ખેડુત હતા. તેમની સરળતા અને સંતોષવૃત્તિ તેમનામાં પુર્ણ રીતે ઉતર્યાં હતાં. માતા અંબાબાઇ વૈશ્નવ સંપ્રદાયમાં ધર્મિષ્ઠ ગણાતાં હતાં અને પિતા પણ શિવના ભક્ત હતા. તેમની માતા તેમને વૈશ્નવ મંદિરમાં દર્શન કરવા તેડી જતાં અને પિતા ખાખચોક ઈશ્વરદાસજી મહાત્મા પાસે લઈ જતા.

તેમના મઠમાં સાધુ સંતો ઘણા આવતા. તેઓ રામચંદ્ર, કૃષ્ણ, પ્રહલાદ, ધ્રુવ વગેરેની વાતો કહેતા. આપણા બહેચરને મનમાં ધ્રુવ અને પ્રહલાદ જેવા થવાનું મન થતું અને પ્રભુ તેમની પેઠે પોતાને દર્શન આપે તે માટે ઘરમાં ગોખલામાં પ્રભુના નામનો ઘીનો દીવો કરી પ્રાર્થના કરતા અને કપાળમાં રામનું ટીલું કરતા. મઠમાં બાવાઓ, ભક્તો, માણભટ્ટો, પુરાણીઓ પણ આવતા અને દરેકની પાસેથી જુદી જુદી ધર્મકથાઓ અને વાર્તાઓ સાંભળવામાં તેમને રસ પડતો. નાનપણમાં પુરાણો વગેરેની ઘણી વાતો તેમને કંઠસ્થ થઇ હતી અને તેની ઉપર શ્રધ્ધા બેસી ગઈ હતી. મુસલમાનોના ધર્મની વાતો સાંભળવાનો પણ તેમને પ્રસંગ પડતો. ખુદાની વાત આવતી ત્યારે તેનાં દર્શન કરવા તે તલપાપડ થઈ જતા.

એક વખત મઠની પાછળ કબર પાસે એક ઘરડો મેલો ફકીર આવ્યો હતો. તે નતો કોઇની પાસે માગવા જતો. નતો કોઇની સાથે બોલતો. બહેચર એક દિવસ તેની પાસે શિરામણ લઇને ગયા અને તેના પગે પડ્યા. ફકીર બાવા તેમના સામું તાકીને જોઇ રહ્યા અને પછી ખુબ હસ્યા અને બોલ્યાઃ 'તેરે દિલમેં ખુદાકા પ્રવેશ હોગા. તું ખુદાકા બંદા હોગા, બહેચરને સાંઇબાવાના બોલવામાં સમજ પડી નહિ પણ એટલું તો જાણ્યું કે સાંઇબાવા આશિર્વાદ આપે છે તેથી સારું થશે ને પરીક્ષામાં પાસ થવાશે.

એક ખેડુત બાળકમાં જે નિર્ભયતા અને કઠિનાઇ હોવી જોઇએ તે બહેચરદાસમાં હતા. નાનપણમાં તે ઘણી વખત પિતાની સાથે ખેતરમાં જતા અને શિયાળવા તથા શાકુડીઓ વગેરેથી ભય નહિ પામતાં તેમને હાંકી કાઢતા. તે પોતાની માને પાણી ભરવામાં, ખેતરમાંથી ઘાસચારો લાવવામાં, બાજરી વઢાવવામાં અને ક્વચિત ચકી ખેંચવામાં પણ મદદ કરતા. તેમની કઠિનાઇ અને શરીરબળ એટલુ સરસ હતું કે કાચા ઘઉં, કાચી બાજરી અને કાચા મગ મુઠીએ મુઠીએ ખાતા તો પણ તેમને પચી જતા. કાચી ચોળાની સીંગો પચાવવી એ તેમને મન રમત વાત હતી. આખાંને આખાં લાલ મરચાં ખાવાની હોડમાં એમનો પહેલો નંબર આવતો.

તેમનો બાંધો ઘણો મજબુત હતો. હોળીના દિવસોમાં સામસામા પક્ષની લડાઇઓમાં ઘણા બાળકો એમની આગેવાની સ્વીકારતા અને સામા પક્ષને હાર આપતા. નિશાળમાં પણ ભાગ્યેજ કોઇ વિદ્યાર્થી એમનું નામ લઇ શકતો, કારણ કે એમને ખીજવવાથી મેથીપાક મળવાની ધાસ્તી દરેક બાળકને રહેતી.

મોટી ઉંમરે પણ એમની શક્તિ અપૂર્વ રહેલી એ એમને જોનાર દરેક કહી શકે તેમ છે. કવિ નાનાલાલે બરાબર લખ્યું છે કે "એમની ભવ્ય મૂર્તિ એમના આત્મસ્વરૂપ જેવી ભવ્ય હતી. વિશાળ મુખારવિંદ, ઉચ્ચ અને પુષ્ટ દેહ સ્થંભ, યોગેન્દ્રના જેવી દાઢી, એમનો જબરજસ્ત દંડ! આજે સૌ માનવજાત મૂર્તિપૂજક છીએ અને એ ભવ્યમૂર્તિ અદ્રશ્ય થઈ છે પણ નીરખી છે તેમના અંતરમાંથી તે જલદી ભુસાશે નહિ જ..."

એક વખત તેમની નિશાળના શિક્ષક માંડાભાઇ પ્રાગજીની સ્ત્રીને ભૂત આવતું હતું. તે એક ફકીરે

કાઢયું અને ફરીથી વીજાપુર નવાડાના માર્ગ ઉપર મીરાં દાતારને મલીદો ચઢાવવાનું કહ્યું. મીરાં દાતારની કબ્ર પાસે ગીચ ઝાડી અને પરદેશી યુવર હતા. ત્યાં જવાની કોઈ વિદ્યાર્થીની હિંમત ચાલી નહિ. એટલે બહેચર જવા તૈયાર થયા. બે નાળિયેર, ગોળ, ઘી અને આટાનો એક શેરનો મલીદો હતો. વાટકીમાં નવટાંક ઘી હતું સાથે રૂ અને દીવાસળી પણ શિક્ષકે આપ્યાં. બધી વસ્તુઓ લઇ બહેચર મીરાં દાતારની કબ્ર પાસે ગયા. બહેચરને વિચાર આવ્યો કે દેવો, પીરો, ઓલીયાઓ, દેવીઓ કોઇ અન્નનું ભોજન કરતાં નથી તેથી તેમણે ઘીનો દીવો કરી થાળી કબ્ર પાસે મૂકી કહ્યું કે "મીરાં દાતાર, પીર સાહેબ ! જો તમારે આ મલીદો ખાવો હોય તો આ થાળીમાં ઢાંકીને તમારી આગળ પા કલાક મૂકી રાખું છું માટે ખાઈ જશો." પા કલાક પછી થાળી ઉઘાડી પણ મલીદો ઓછો થયો નહતો. એટલે તેમણે બે હાથ જોડી કહ્યું : 'મને ભૂખ લાગી છે. ઘેર જતાં અંધારૂં થઈ જાય તેમ છે હું વિદ્યાર્થી છું. મારા ખાવાથી તમે જરૂર ખુશી થવાના એમ ધારૂં છું." એમ કહી વાટકીમાંનું ઘી નાંખી મલીદો પોતે જ ખાઇ ગયા !... અને ઘેર આવી માસ્તરને થાળી વાટકો પાછાં આપ્યાં.

o o o

ભણવામાં બુધ્ધિસાગર ભારે હોંશિયાર હતા. નિશાળમાં લગભગ પહેલે જ નંબરે તેઓ રહેતા. ઘણી પરીક્ષાઓમાં તેમણે ઇનામો મેળવ્યાં હતાં. તેમની સ્મરણશક્તિ અને ગ્રહણશક્તિ ઘણી તીવ્ર હોઇ શિક્ષકો પણ તેમનાથી ખુશ રહેતા. તેઓ શિક્ષકોના ઘરનું કામકાજ પણ કરતા અને તેમનો આશિર્વાદ મેળવતા.

તેમના શિક્ષકે એક વખત કહ્યું કે કાલિદાસ કવિને સરસ્વતી માતા પ્રસન્ન થયા હતાં તે દિવસથી તે રોજ સરસ્વતીની ભક્તિ કરતા. સવારમાં ઉઠીને ભણતી વખતે તે સરસ્વતી માતાનું નામ લેતા. નિશાળમાંથી છૂટી ઘેર જઇ તેમના નામનો દીવો કરતા અને વિદ્યા ચઢવા માટે તેમની છબી પાસે આજીજી કરતા. તેમણે જ્યાં સુધી અભ્યાસ ચાલુ રહે ત્યાં સુધી પાન સોપારી, ટીંડોળાનું શાક, અને અડદની દાળ નહિ ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી. એક જૂના પાનામાંથી સરસ્વતીનો મંત્ર મળ્યો હતો તેનો નિત્ય જાપ કરતા.

તેમણે ગુજરાતી છઠ્ઠું ધોરણ પાસ કર્યું હતું. અંગ્રેજી બે ચોપડીઓ અને કંઇક ઉર્દુ મરાઠીના અક્ષરોનો અભ્યાસ કર્યો હતો.

o o o

અત્યાર સુધી તેઓ જૈનેતર વાતાવરણમાં જ ફર્યા હતા. કેટલાક જૈન વિદ્યાર્થીઓ અને જૈન ગૃહસ્થોના સંસર્ગમાં આવવા સિવાય જૈન ધર્મ પ્રતિ ખાસ અનુરાગ થયેલો નહિ. પરંતુ કેટલાક વિચિત્ર સંજોગોમાં તેમને શ્રી. રવિસાગરજી મહારાજનો પરિચય થયો અને ત્યારથી તેઓ જૈન તત્વજ્ઞાન તરફ રૂચિવાળા થયા.

એક દિવસ સવારમાં તેઓ પોતાના માઢ પાસે ફરતા હતા તેવામાં માઢવાળી ભાગોળે ઠલ્લે જવા આવેલા શ્રી રવિસાગરજી મહારાજ તરફ એક ભેંસે શીંગડાં હલાવતી દોડવા માંડયું. બહેચરને લાગ્યું કે ભેંસ સાધુને મારી પાડશે એટલે તે એકદમ લાકડી લઇને દોડયા અને તે ભેંસનાં શીંગડાં ઉપર મારી ભેંસને ભગાડી મુકી. શ્રી. રવિસાગરજી તેમના તરફ ફરીને બોલ્યા "મહાનુભાવ ! ભેંસને મારવી નહિ. તેના આત્માને દુઃખ થાય છે. પશુ વાણીથી પોતાનું દુઃખ કહી શકતું નથી."

"પણ મહારાજ તોફાને ચઢેલી ભેંસ હમણાં તમને મારી પાડત, પશુની જાતને લાકડી વડે જ સમજાવી શકાય છે."

"નહિ ભાઇ ! આપણને જેવું દુઃખ લાકડી વાગવાથી થાય છે તેવું જ તેમને થાય છે મુંગાં પ્રાણીઓ પ્રતિ દયાની દ્રષ્ટિએ જ જોવું જોઇએ."

"પણ મહારાજ તમારૂં રક્ષણ કરવાથી મને ઘણો ધર્મ થાય."

"તે ઠીક છે. પણ અમારા નિમિત્તે કોઇ

જીવને દુ:ખ થાય તેથી અમારા આત્માને દુ:ખ થાય છે. સાધુ સર્વ જીવોની માતા ગણાય છે. "

હિંસક પ્રાણી પ્રત્યે પણ આટલી મમતા બતાવનાર સાધુ ઉપર તેમને ઘણું માન થયું. તેથી તેમણે પૂછ્યું : ' મહારાજ ! તમારાં દર્શન કરવાની અને તમારા ઉપાશ્રયમાં આવવાની અમને છૂટ હશે... "

" હા ભાઈ દરેકને છૂટ છે. "

બહેચર ત્યારથી હંમેશાં ઉપાશ્રયે જવા લાગ્યો અને વૃદ્ધ મહાત્મા રવિસાગરજીનાં દર્શન કરવા લાગ્યો. ધીમે ધીમે ધાર્મિક અભ્યાસ પણ શરૂ કર્યો. ધાર્મિક શિક્ષક રવિશંકર શાસ્ત્રી હતા. તેમણે કહ્યું કે રાત્રે ન ખાવામાં આવે અને કુંગળી લસણ પણ ન ખાઓ તો ભણાવું. તેમના ઘેર રોજ રાત્રે જ ખવાતું અને કુંગળી લસણ પણ વપરાતું તથાપિ ભણવાની ઇચ્છાએ તે પ્રમાણે વર્તન રાખવાનું કબુલ કર્યું. આથી તેમને ઘણી વખતે વહેલા ઘેર જઈ સુકો રોટલો અને મરચું ખાઈ ચલાવવું પડતું.

રવિશંકર શાસ્ત્રીએ કહ્યું કે ઝાડે જતી વખતે નવકાર મંત્ર યાદ ન કરવો અને જુદું વસ્ત્ર પહેરી ઝાડે જવું. તેમણે વસ્ત્ર જુદું પહેરવા માંડયું પરંતુ નવકાર મંત્ર ઝાડે જતાં યાદ આવ્યા કરે અને ભુલવા પ્રયત્ન કરે તેમ તેમ વધુ યાદ આવે. રવિશંકર શાસ્ત્રીને તેનો ઉપાય પૂછ્યો પણ તેઓ કંઈ ઉપાય બતાવી શકયા નહિ.

દુનિયામાં સારા થવાની તેમને ઘણી હોંશ હતી અને વિદ્યા મેળવવાથી અને સત્સંગથી સારા થવાય છે એવી તેમને ખાત્રી થઈ હતી તેથી ધાર્મિક અભ્યાસમાં તેમણે બરાબર ચિત્ત પરોવ્યું અને સાધુઓના દર્શને પણ વારંવાર જવા માંડયું. તેમના માઢના નથ્થુ હજામને આ વાતની ખબર પડી. તેણે તેમને બોલાવીને કહ્યું કે "શ્રાવકના અપાસરામાં જવું નહિ. શ્રાવકના ગોરજીઓ વિષ્ટા કરીને ગુદાને ધોતા નથી, વિષ્ટાને ફેંદે છે, ન્હાતા ધોતા નથી અને દાતણ કરતા નથી." નથ્થુ હજામ એવો હમે બોલ્યો કે તે જાણે સાધુઓની બધી રીતભાતથી વાકેફ હોય. પરંતુ તેની તોછડી ભાષા ઉપરથી તે સાફ દિલથી બોલતો હોય તેમ ન જણાયું તેથી તેમણે જાતે ખાત્રી કરવાનો વિચાર રાખ્યો. રવિસાગરજી મહારાજ માઢવાળી ભાગોળ તરફ ઝાડે ફરવા જતા હતા. તેઓ ઝાડે ફરીને રવાના થયા કે તુરત તે સ્થળે બહેચર પહોંચી જતા. ઘણી વખત તપાસ કરવા છતાં એક પણ વખત વિષ્ટા ફેંદેલી જણાઈ નહિ અને ત્યાં પાણી પડેલું જણાયું છતાં તેમણે વિશેષ ખાત્રી કરવા શ્રી ભાવસાગરજી મહારાજને પૂછ્યું. તેમણે કહ્યું કે 'મહાનુભાવ ! ધર્મદ્વેષી લોકો એવી વાત ઉડાવે છે, અમે તર્પણીમાં પાણી લઈ જઈએ છીએ, વિષ્ટા ફેંદતા નથી, કપડાં અને મુખ સાફ રાખીએ છીએ." આથી તેમના મનનો સંશય ટળી ગયો.

ધીમે ધીમે તેઓ દેરાસરમાં પૂજા કરવા જવા લાગ્યા. તેમના હિન્દુધર્મી સોબતીઓ તેમને ખીજવતા. પરંતુ તેમની પાસે એક જવાબ હતો. જે ધર્મ સત્ય લાગે તે શા માટે ગ્રહણ ન કરવો ?"

પ્રતિક્રમણ, સામાયિક અને પોષધ આદિ ધર્મ ક્રિયાઓ પણ સમજપૂર્વક તેઓ કરવા લાગ્યા. ઘણા જૈન સાધુ મુનિવરોના પરિચયમાં આવ્યા. તેમની સેવા-વૈયાવચ્ચ કરતા. તેમની સાથે ધર્મ ચર્ચા કરતા અને સારું લાગે તે ગ્રહણ કરતા.

છઠ્ઠું ધોરણ પસાર કર્યા પછી શું કરવું તે સવાલ ઉપસ્થિત થયો. કેટલાક વકીલાતની, કેટલાક મુખી તલાટીની, કેટલાક અવલ કારકુનની પરીક્ષા આપવાનું જણાવતા. શેઠ નથ્થુભાઈ મંછાચંદ ( જેમનો તેમની ઉપર અત્યંત પ્રેમ હતો. ) ની સલાહ એવી હતી કે તેમણે સાધુ થવું. ત્યારે તેમના પત્ની જડાવ કાકી ગૃહસ્થાશ્રમમાં રહેવાની ભલામણ કરતાં હતાં. મા-બાપ કોઈપણ રીતે ધન કમાવાની શિક્ષા આપતાં હતાં. તેમણે થોડો વખત નામાનું શિક્ષણ લીધું અને પછી વકીલાતનો અભ્યાસ શરૂ કર્યો. પરંતુ વકીલ જીવનના જૂઠાપણાને જાણી તે ઉપર અરૂચિ ઉત્પન્ન થઈ. છેવટે સંસા-

રમાં ગૃહસ્થ દશામાં વિદ્વાન થઈ બ્રહ્મચારી રહી વિદ્યાર્થીઓ વગેરેને ભણાવવા અને ધર્મસાધન કરવું એટલા નિશ્ચય ઉપર આવ્યા અને આજોલ ગામે ધાર્મિક શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી. નોકરી દરમ્યાન તેમણે પોતાનો અભ્યાસ ઘણો વધાર્યો. ઘણા રાસાઓ તેમજ જૈન તત્વજ્ઞાનના ગ્રંથો વાંચ્યા, જેમ જેમ શાસ્ત્રાધ્યયનમાં તેઓ ઉંડા ઉતરતા ગયા તેમ તેમ જૈન તત્વજ્ઞાનની સત્યતાનો અનુભવ તેમને થવા લાગ્યો. જૈન અને જૈનેતર સિધ્ધાંતોની સમીક્ષા, સરખામણી અને કસોટી કરી મગે ઉતરે તે સિધ્ધાંતો સ્વીકારતાં છેવટે તેમની જૈન ધર્મ ઉપર પાકી શ્રધ્ધા થઈ અને જ્ઞાનપુર્વક તે ધર્મનો અંગિકાર કર્યો...

સં. ૧૯૫૭માં તેમણે પાલણપુરમાં શ્રી સુખસાગરજી મહારાજ પાસે સ્વબંધુઓની અનુમતિપૂર્વક દીક્ષા લીધી. આ પ્રસંગે તેમના મનમાં જબરજસ્ત આત્મમંથન અનુભવ્યું. જેમાં છેવટે દુન્યવી ભાવનાઓનો પરાજય થઇ આત્મિક ભાવનાઓનો વિજય થયો હતો.

× × ×

સાધુ તરીકેનું તેમનું જીવન અતિ ઉત્કૃષ્ટ પ્રકારનું હતું. શરૂઆતથી જ તેમણે રસેન્દ્રિય ઉ૫ર સંયમ કેળવવા માંડયો હતો. ગમે તેવા સ્વાદિષ્ટ વિવિધ પ્રકારના ભોજનોને એકત્ર કરી બેસ્વાદ બનાવી ખાઇ જવાનો બનાવ હજી ઘણા શ્રાવકોને સાંભરે છે. ચાનો તેમણે આખાએ જીવનમાં કદિ સ્વાદ પણ ચાખ્યો ન હતો. પાછળના વર્ષોમાં જ્યારે તેમની તબીયત નરમ રહેવા લાગી તે સિવાય તેઓ ઉઘાડપગે વિહાર કરતા. ચારિત્ર્યની શુદ્ધતા જાળવવા તેઓશ્રી વિશેષ લક્ષ આપતા અને પત્ર દ્વારા પણ સ્ત્રીઓના પરિચયમાં નહિ આવવાની તેઓ કાળજી રાખતા. સાધુ શિષ્યો અને ગૃહસ્થ ભક્તો તરફ તેઓ અત્યંત માયાળુતાથી વર્તતા હતા. આચાર્ય છતાં નિરાડંબરીપણું અને વિદ્વતા છતાં અભિમાનનો અભાવ તેમનામાં ખાસ તરી આવતો. તેમની વ્યવહાર કુશળતા અજબ જેવી હતી. માણસના ચહેરા પરથી તેમના વિચારો સમજી લઇ ઘણી વખત સામાને આશ્ચર્યચકિત બનાવતા.

° ° °

તેમના લખાણોમાં સુધારક વિચારો ભારોભાર ભરેલા છે. જૈન કોમના વિકાસની ધીમી ગતીની સાથે સરખામણી કરવાની હોય તો તેમના વિચારો પચાસ વર્ષ આગળ હતા એમ કહેવું જોઇએ. જૈન બાળકો અને બાળિકાઓ માટે ગુરૂકુળ, જૈન સાધુઓ માટે ગુરૂકુળ, જૈન કોલેજ ઇત્યાદિની આવશ્યકતા તેમણે આજથી વીસ વર્ષ પહેલાં ભારપૂર્વક જણાવી છે. જેને અમલમાં મકવાની જરૂર બધા સ્વીકારે છે છતાં અમલમાં મૂકાતાં બીજા કેટલાં વર્ષો જોઇશે તે અનિશ્ચિત છે.

ધર્મ સહિષ્ણુતા એ તેમનો મોટામાં મોટો સદ્‌ગુણ હતો. કોઇપણ ધર્મને વખોડતાં તેમને કોઇએ કદિ સાંભળ્યા નથી. સર્વ ધર્મમાંથી સત્ય ગ્રહણ કરવું એ તેમનો મુદ્રાલેખ હતો. તેથી જ પરધર્મીઓ પણ તેમના ચરણે બેસી ધર્મામૃતનું પાન નિડરપણે કરી શકતા. કોઇને પોતાના ધર્મ ઉપર તેમના હાથે પ્રહાર થશે એવો ભય ભાગ્યેજ રહેતો. તેમની ઉદારતાથી ઘણા પરધર્મી વિદ્વાનો તેમના તરફ આકર્ષાતા અને તેમનાં મુક્ત કંઠે વખાણ કરતા. નાનાલાલ કવિના શબ્દોમાં કહીએ તો– “ એમના દિલની ઉદારતા પરસંપ્રદાયીઓને વશીકરણ કરતી. જ્ઞાન અને ભક્તિ પરમાત્મ યોગ માટે જરૂરનાં છે પણ મનુષ્યોના મનુષ્ય પ્રતિના ધર્મ ઘણા વિસરે છે. તે પોતે પોતાના સંકોચના દુર્ગમાં ભરાઇ રહે છે. બુધ્ધિસાગરજી મહાનુભાવ વિરાજતામાં બેસતાં સંપ્રદાયમાં તો એ શોભતા પણ અનેક સંપ્રદાયીઓના સમુદાય સંઘમાં પણ એમની તેજસ્વીતા અછાની નહતી. ”

શ્રી મુલચંદના લખવા મુજબ–“ધર્મની વિશાળ ભાવના એઓશ્રીની એટલા અંશે હતી કે પોતાની પાસે અંત્યજો, મુસલમાન ભાઇઓ, ફકીરો અન્ય સંપ્રદાયના સાધુઓ અને અનુયાયીઓ બહુ હુંશથી આવતા અને પોતાની પાસે આવો હંમેશાં જારે

મેદની એ બધા સાધુઓની બનમતી. ધર્મના અને આત્મા પરમાત્માના વિવાદો બહુ રસભર્યા અને યથાશાસ્ત્ર થતા. આ વિવાદોમાં પોતે એટલા બધા તલ્લીન થઇ જતા કે પોતાને પોતાની સાંપ્રદાયિક વિધિ કરવાના સમયનું પણ સ્મરણ ન રહેતું... અને પોતાને એઓશ્રીએ જૈન ધર્મનું સ્વરૂપ પ્રથમ મુલાકાતે જે દૃષ્ટિએ સમજાવ્યું તે દૃષ્ટિ મેં આજ.ડિ કોઇ જૈન બંધુ પાસેથી સાંભળી ન હતી. મેં જ્યારે એ મિમાંસા સાંભળી ત્યારે મારી ઘણા અંશે ધર્મની ભેદાભેદ દૃષ્ટિ ઓછી થઇ ગઇ અને હું જૈન ધર્મનો પૂજારી બન્યો..."

તેમનું વાચન અતિ વિશાળ હતું. લગભગ પચીસ હજાર પુસ્તકો તેમણે વાંચ્યા હતાં. કહેવાય છે કે દીક્ષા લેતા સુધીમાં શ્રીમદ્ દેવચંદ્ર કૃત "અધ્યાત્મસાર" ગ્રંથ તેમણે સો વાર વાંચ્યો હતો. તેમના વાચન શોખમાંથી જ લેખન શોખ પ્રગટ્યો. અને તેના પરિણામરૂપે નાના મોટા સવાસો જેટલા ગ્રંથો તેઓ પોતાની પાછળ મૂકી ગયા છે આજે જો કે તેઓ પાર્થિવ દેહે હયાત નથી તો પણ અક્ષર દેહે તેઓ અમર છે. તત્ત્વજ્ઞાન, ધર્મ, સમાજ, સુધારો, શાસનોન્નતિ, સ્વદેશ પ્રેમ, નિસર્ગ પ્રેમ વગેરે વિષયોની તલસ્પર્શી ચર્ચા તેમના ગ્રંથોમાં કરવામાં આવેલી છે. તેમના વિશાળ સાહિત્ય વિષે "જૈન" પત્રના તા. ૧૪-૬-૨૫ના અંકમાં લખવામાં આવ્યું છે કે- "બુધ્ધિસાગરજી મહારાજ એટલે જ સાહિત્યની સરીતા, યોગની પ્રેરણા અને નિસ્પક્ષપણાનો નિવાસ... આ હીણા ગણાતા કાળમાં શ્રી બુધ્ધિસાગરજી મહારાજે એકનિષ્ઠા અને સાતત્યથી જૈન સાહિત્યની જે સેવા કરી છે તે જૈન સમાજના ઇતિહાસમાં ઉજ્જવળ અક્ષરે આલેખાશે એ વિષે અમને લેશમાત્ર પણ શંકા નથી. પ્રેમાનંદ કવિએ ગુર્જરી ગિરાને બીજી સમોવડી ભાષામાં ગૌરવવંતી બનાવવાને અર્થે જે પણ કર્યું હતું અને એ પણ પાળવા જે ઉજાગરાં વેઠ્યા હતા તેનું શ્રી બુધ્ધિસાગરજી મહારાજની સાહિત્ય પ્રવૃત્તિ જોતાં સ્મરણ થયા વિના રહેતું નથી. જૈનેતર સાહિત્યની સામે જૈન સાહિત્યને સ્પર્દ્ધિત ભાવે ઉન્નત મસ્તકે ઉભું રાખવાના તેમના પુણ્યાભિલાષ પાર પડ્યા છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી..."

જૈનોએ જૈન ધર્મને વિશ્વધર્મ બનાવવો હોય તો વીર બનવું જોઇએ અને કાયરતાને તિલાંજલી આપવી જોઇએ. એમ તેઓ વખતોવખત કહેતા. જૈન બાળકોને મજબૂત બનાવવા અને વ્યાયામથી કસવાનો ઉપદેશ આપતાં તેઓએ પાનાનાં પાનાં ભર્યાં છે.

તેઓ જેમ પરોપકાર માટે પ્રવૃત્તિ કરતાં તેમ આત્મકલ્યાણ માટે સતત તેટલી જ જાગૃતિ રાખતા. તેઓ ભાગ્યે જ પ્રમાદ કરતા એટલુ જ નહિ પણ પ્રમાદવશ થવાય એવી પ્રવૃત્તિનો ત્યાગ કરતા. તેઓ કદિ જિંદગીમાં અઢેલીને બેઠા નથી કે કોઇ દિવસ વિલાયતી દવા વાપરી નથી. કદી મુખવાસ પણ ખાધો નથી, ભારે કપડાં કે કામળ તેઓની પાસે કદી જોવામાં આવી નથી.

શ્રી સિધ્ધમુનિજી શ્રીમદ્‌ની અંતિમ માંદગીના પ્રસંગનો ઉલ્લેખ કરતાં લખે છે કે " શ્રીમદ્ બુદ્ધિસાગરજી ની સાથેના આ બહુ થોડા દિવસોના સમાગમમાં પણ મને અનેક બાબતો સંસ્મરણીય થઇ પડી છે. સાતમના બપોરે ત્રણ વાગતાં હું તેમના સંથારા પર હાથ મૂકતાં બોલ્યો કે-સંથારો બહુજ ઓછો છે. તેમાં અન્ય કંબલાદિ નાખવા જોઇએ. તેઓ સ્પષ્ટ ન સાંભળે તેમ હું ધીમેથી બોલ્યો હતો મારાથી બોલાઇ જવાયું હતું. પણ તેઓએ તે સાંભળી લીધું અને બોલ્યા-કેમ, સિધ્ધમુનિજી તમે જાણતા નથી કે હું એક આસન પર જ નિરંતર પડયો રહેનાર છું ? અત્યારે આટલા એ કુચા બીજાઓએ ઘાલી દીધા છે. શરીરની શી સુશ્રુસા ?"

તેમની અપ્રમત્ત દશા વિષે એજ મુનિરાજ લખે છે કે "શરીરની અસ્વસ્થતા છતાં પણ તેમનો ઉપયોગ ભારે હતો. જગત હિતના અને જૈન કોમના એકે એક સવાલો તેઓ ગંભીરતાથી જોતા હતા. જરાક સ્વસ્થતા મળી કે છપાતાં પુસ્તકનું પ્રુફ હાથમાં લે, ટપાલ વાંચે, એકાદું આવેલું માસિક

# અલખનો અવધૂત !

લે. જયભિખ્ખુ

અલખ હમ રમેંગે ગંદિતે હૈં
મિસાલે નાર તંબુરા.
જરા કોરેમ મિલતે હૈં
મિસાલો જિસમા જી ચાહે...

સાબરમતીનાં નીર, એનો સુંદર તીર પ્રદેશ. હરિયાળા ડુંગરા અને માતાની ગોદ જેવી ગુફાઓ (ઓખા) અને એની વચ્ચે બેસી સોહંના જાપ જપતો જોગી અદ્ભુત લાગે છે. મનના મેલ ટળ્યાં છે. દિલના ડાઘ ગયા છે. દેહના અભિમાન ગયાં છે. બાળુડા જેવી જાણે રમણે ચડયો છે. અદ્ભુત છે એની એ રમતો !

કોઈવાર પેથાપુરના કુદરત ચોતરાની બાજુ ચાલ્યા જાય છે. દૂર દૂર આંબામાં ઊતરી જાય છે. બેઠા છે. ઝાડીમાંથી અચાનક બે સુવર નીકળે છે. નાની નાની દંતાળી માણસને છેદવા પૂરતી છે; પણ અહીં કોને ડર છે ?...

સુવરો જુએ છે, પેલો ચાલ્યો આવતો આદમી. પોતાની બોડ પાસે એ ધ્યાન ધરે છે. અડધો કલાક વીતી જાય છે. સૂરિરાજ ખડા થઈને ચાલતા હોય છે. તા. ૧૭-૧૧-૧૫ની રોજનીશીમાં લખે છે— "નિર્ભય દશાની પરીક્ષા કરવા ધ્યાન ધર્યું. આત્માની નિર્ભયતા અનુભવી."

વળી એક ઓર દશા નિર્ભયતાની દેખાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગર પેથાપુરના ગોગીબારના મેદાનમાં

---

કે અકવાદિક ઉથલાવે, પ્રશ્નકર્તાને જવાબ આપે અથવા તેવી કોઈ પ્રવૃત્તિ થતી જ હોય. નિઃસંગ ભાવે શરીરની દરકાર રાખ્યા વિના પ્રભુ પ્રિત્યર્થે, આપણા શબ્દોમાં આત્મ હિતાર્થે કરવાની પ્રવૃત્તિનો આદર્શ અહીં મને જોવા મળ્યો. "

શેઠ હીરાલાલભાઈના શબ્દોમાં કહીએ તો— ગુજરાતના જૈનો અને પાનર કેમો માટે એમણે હાડ-ચામ ઘસી નાખ્યાં હતાં. "

શ્રીમદ્‌ના માનવો ઉપર જેટલી અપ્રતિમ કરુણા દૃષ્ટિ હતી તેટલી જ પશુ પ્રાણીઓ ઉપર હતી. તેનો દાખલો આપતાં શ્રી. વૈરાટી લખે છે કે " એક વખતે અત્રેના મગદાવાદી આંબલી પોળના ઉપાશ્રયે ગુરૂ મહારાજના વંદને હું ગયો હતો ત્યાં એક કુતરો ચઢી આવ્યો અને મહારાજ સાહેબની નજીક આવી બેસી રહ્યો ત્યાં તો વિશ્વોપકારી સદ્‌ગુરૂનું હૃદય ઉભરાવા લાગ્યું અને કુતરાને સંબોધી કહેવા લાગ્યા—કુતરાભાઈ ! ધર્મ ધ્યાનમાં મગ્ન રહેજો, આત્માને ભૂલી ના જશો. " કુતરો પણ મુગ્ધ ભાવે જોઈ રહ્યો.

ટૂંકમાં શ્રીમદ્‌ના જવાથી પંડિત લાલચંદ ગાંધીના શબ્દોમાં " જૈન સમાજે પોતાનો એક અદ્વિતીય પ્રતિનિધિ, અસાધારણ નુમર, ઉચ્ચ કોટીનો મહાપુરુષ, એક ઉત્તમ યોગી, શુભેચ્છક સંત, અવિરલ ઉદ્યોગી, શ્રેષ્ઠ કવિ, શાસનનો અપ્રતિમ ભક્ત, જૈન શાસનનો ભાનુ, સાહિત્યનો એક વિશિષ્ઠ વિલાસી, અધ્યાત્મ જ્ઞાનનો અપૂર્વ નિધિ, નિઃસ્પૃહી છતાં શાસન દાઝ ધરાવનાર સદ્‌ગુણ મંડિત, વિચક્ષણ બુદ્ધિનો સાગર ગુમાવ્યો છે. "

પાંચ સાપ સંતાનોને પોતાની પ્રક્રિયા શીખવી રહ્યા છે. પોતે સમાધિ લગાવી બેઠા છે. ત્યાં ઓતરાદિ દિશાનાં થાંભામાંથી ફુંફાડા મારતો એક સર્પ તેઓશ્રીના નજીક આવી પહોંચ્યો. પાં જણા બૂમ પાડી ગયા, પણ સૂરિજી ન ડર્યા. તેમણે હસતાં હસતાં કહ્યું કે "એ આપણને ઉપદ્રવ કરવા આવ્યો નથી."

સાપનો બીજો પ્રસંગ શ્રીયુત મોહનલાલ લખે છે. મહુડીના કોતરોમાં વસતો મૂળજી એ સર્પ હતો. શ્રી મોહનલાલ આશ્ચર્યથી ગભરાઈ ગયા. સૂરિરાજે શાંતિથી કહ્યું : 'એ તો સંતોની પાસે આનંદ કરે છે. ડર મા !"

એકલાં વર્ષોમાં નિત્ય જંગલોનો સહવાસ ને તે પણ નિર્જન જંગલોનો ! શહેરમાં માણસથી માણસ ભટકાય એમ જંગલમાં જાનવરે જાનવર અથડાય ! એકાદ વાર વાંદરાના શિકારે નીકળેલા દીપડા પણ મળેલા. સૂરિરાજ નજીક પહોંચતા જ તેઓ, શિકાર છોડી ચાલતા થઈ ગયા.

કોઈકવાર કરુણ દૃશ્ય જોતાં તેઓ વ્યાકુળ થઈ જતાં. એકવાર પાદરાના વકીલ શ્રીયુત મોહનલાલ હેમચંદ સાથે માણસાના કોતરોમાં ફરતા હતા. અચાનક એક વાંદરો કૂદતાં ઠેક ચૂક્યો ને કોતરોમાં પડ્યો. સાથે જ કૂતરા દોડ્યા.

સુરિરાજે બૂમ પાડી : "વકીલજી, દોડો દોડો. પેલા કૂતરા વાંદરાને ફાડી ખાશે."

બીજી દોડ એ પહેલાં પોતાનો જબરજસ્ત દંડ ઉપાડી પોતેજ દોડ્યા. રસ્તો સારો ન હોવા છતાં ઠેકતા કૂદતા ત્યાં આવી પહોંચ્યા; પણ કૂતરાઓએ કામ ખલાસ કર્યું હતું. પીંખી નાંખેલા વાંદરા પાસે જઈ કાનમાં નવકાર મંત્ર સંભળાવતાં સંભળાવતાં સુરિરાજે ગદ્ ગદ્ કંઠે કહ્યું : " હે, ભાઈ, તારી શુભ ગતિ થાઓ ! "

અને સ્વાભાવિક છે કે, આટલા નિર્ભય આત્મદશા પ્રાપ્ત કર્યા પછી સ્વાર્થી દુનિયા જગત યોગી પાસે નહિ કેમ માગવા પણ આવે ! જગત તો સ્વાર્થ પૂજા કરવાનું રસિયું છે ! દેવ હોય કે દાનવ, સંત હોય કે મંતાન, માણસ હોય કે ઢોર પોતાના સ્વાર્થ સાધના માટે એ સહુને પૂજે ! આ પવિત્ર આત્માની ખ્યાતિ વધતી ચાલી. દર્શન પ્રાપ્તિ માટે અનેક રોગિયાં-દોગિયાં આવવા લાગ્યાં. આ યોગીના હૃદયમાં સદાકાળ સહુના કલ્યાણના મંત્ર રમતા હતા. માંગનારને માંગ્યું મળતું પણ ખરું ! જેને હજી એ મહિમાનો વિસ્તાર કરે.

જંગલમાં મળેલા મહાન યોગી આનંદઘનજીને એવી વીતી હતી તો બીજાની શી વાત ! અપુત્રીઆ રાજાએ હઠ લીધી કે : "વચન સિદ્ધિવાળા છો, મંત્ર આપો, જેથી પુત્ર થાય."

યોગીરાજે છૂટવા ઘણું કર્યું, પણ પેલા સ્વાર્થી પ્રાણી એમ કેમ છોડે ?

યોગીએ મંત્ર આપ્યો. માદળીયું બનાવી બાંધવા કહ્યું. વર્ષે દહાડે તો રાજાનો આશા ફળી જન્મ્યા. રાજા તો ઠાઠમાઠથી યોગીરાજ આનંદઘનજીને વધાવવા મળ્યો આવ્યો. જંગલની કોઈ ગુફામાં. એકલા યોગીએ કહ્યું : " ભોળા રાજા ભીલો ઉઘાડ ! જોને તો કયો મંત્ર છે ? "

રાજા માદળીયું તોડી વાંચે છે,

" રાજાકી રાણીકો લડકા હો તો આનંદઘનકો ક્યા, ન હો તો ભી ક્યા. "

સહુ વિસ્મય પામ્યા. રાજા કહે. "યોગીરાજ તમારું વચન ને મારી શ્રદ્ધા ફળી. "

એમ સૂરિરાજ જેમ જેમ બધાનો સંગ છોડતા ગાલ્યા, એમ એમ એમના સંગી વધવા લાગ્યા. અમદાવાદના શેઠ જગાભાઈ જેવા કહે : "બાપજી, મહમ્મદ ગીરદ નામની ટોપી રહી છે. "

હજી એ પૂરું કહે તે પહેલાં સૂરિરાજ હસતાં હસીને બોલ્યા કે : " ખોટું કર્યું. શીદ લાડ લાડવાનો ધંધો ? બંધ કર..."

પણ કંપના લાખોની થાપણથી શરૂ થઈ ગઈ હોય હવે બંધ કરવી એક માણસના હાથની વાત ન હોય આખરે શબ્દો સાચા પડયા. કંપની શરૂ થતાં પહેલાં તૂટી ગઈ. કેસ ચાલ્યો. દીવાની ને ફોજદારી ચાલી. સજા થવાનો વખત આવ્યો.

જગાભાઈ શેઠ સુરિરાજ પાસે આવ્યા. બહુ બહુ વિનતિઓ કરી. આખરે એક માળા આપી : " ગણજે, કર્યા કર્મ છૂટતાં નથી. છતાં ધર્મ પળાયે સારૂં થશે."

દંડ તો દેવો પડયો. પણ જેલની સજામાંથી છૂટી ગયાં. શેઠ જગાભાઈનું નીમ હતું કે સુરિરાજનાં દર્શન કરીને અન્નજળ લેવું. દોડતી મોટરે તેઓ વીરચંદ ભગત સાથે પેથાપુર આવ્યા, ને સુરિરાજનાં દર્શન કર્યાં.

અને આવા તો અનેક કિસ્સા કહેનારા અમને મળ્યા છે. કોકને પેટની પીડ મટી. કોકને સંસારની પીડ મટી. કોક કહે : "એમણે ના કહી, હું ન ગયો ને મને લાભ થયો." શેઠ વીરચંદ કૃષ્ણાજીને જન્મથી પેટની પીડા. વર્ષો સુધી સંબંધ રહ્યો, છતાં સારું ન કર્યું. એકવાર પ્રતિક્રમણ વખતે જ પીડ ઉપડી. સુરિજીએ ઓઘો ફેરવ્યો ને સારાં થઇ ગયાં. જન્મનો રોગ ગયો. એક સાધ્વીજીને રાતે સર્પ કરડયો, માત્ર પાણી મોકલાવ્યું ને સર્પ ઉતરી ગયો. એક બીજાને કરડયો, કહ્યું : "નહીં ઉતરે, કાળ ચોઘડિયે કરડયો છે."

વીજાપુરના વતની વકીલ ચુનીલાલ દુર્લભદાસ એલએલ. બી.ની ટર્મ ભરતા હતા. માંદગીના લીધે તૈયારી કરી શકયા નહોતા. પરીક્ષામાં બેસવાનો વિચાર નહતો. સુરિરાજે કહ્યું : "બેસ, સહુ સારાં વાનાં થશે." બેઠા ને પાસ થયા.

ઘનિષ્ઠ પરિચય ધરાવનાર શ્રી ભાખરીયા કહે છે : "મને ટાઇફોઇડ તાવ હતો, દાકતરો ચિંતા કરતા હતા. ટેમ્પરેચર હજી જ નહિ. મહારાજશ્રી ઘરે આવ્યા ને કહ્યું : 'કયાં છે તાવ ?' અને જોયું તો તાવ નીચી ડીગ્રીએ જતો હતો. સવારે તો સારું હતું.

ચાતુર્માસ પ્રસંગે કોઈકવાર શ્રાવકોને બોલાવીને સુરિજી કહે : "આજે સ્ટેશને જજો. કોઇ આવનાર છે."

"પણ કોઇનો કાગળ તો નથી."

"છતાં જજો."

ને એ દિવસે મહેમાનો આવે જ.

આવા અનેક વિશ્વાસ પાત્ર ને વકીલજી જેવા માણસો પાસેથી મેળવેલા પ્રસંગો નોંધી શકાય છે, પણ સુજ્ઞવાચક કદાચ ડોકું હલાવશે. ના રે ભાઇ, આવું તે હોય આ કાળમાં ? તમે ડિંગ હાંકે રાખો મા.

અમે કહીશું, સ્વામી રામકૃષ્ણ પરમહંસે જુવાન વિવેકાનંદનો અંગૂઠો દાબી પ્રભુ જ્યોતિનાં દર્શન કરાવ્યાં હતાં, ને નાસ્તિક સમા શ્રી વિવેકાનંદે કર્યાં હતાં : તમે શું એ માની લેશો ?

અમે કહીશું : મુનિ દેવેન્દ્રસાગર અને ભાખરીયા પોપટલાલને તેઓએ આત્મજ્યોતિનાં દર્શન કરાવેલાં. તમને તરત અશ્રદ્ધા થશે કહેશો કે વળી આ જમાનામાં જૈન સાધુમાં આવું શઉર ક્યાંથી ?

તમારી એ વાત અમે પણ માનીએ છીએ. યોગીની અદ્ભુત વાતો માનવી માની શકતો નથી. દિન દિન માયકાંગલો બનતો સમાજ હળવદીઆ બ્રાહ્મણ સો લાડુ ખાતા એ વાત આજે નહિ તો પાંચ વર્ષે ગપ માનશે. ને રામમૂર્તિ છાતી પર હાથી ઊભો રાખતો એ વાત એક દહાડો ઉંડા પહોરનાં ગપાં માનશે. જમાનાને પોતાના ગજથી સહુ માપે છે. વિજ્ઞાનને નામે ગમે તે વાતો સ્વીકારવામાં સંકોચ ન અનુભવતો, આત્માના સામર્થ્યની વાતો આવતાં શંકા કરવા લાગે છે.

મંત્રની શક્તિથી સહુ કોઇ આજે અવિશ્વાસુ છે.

કારણ કે એવું નિષ્કલંક વજ્રાંગ બ્રહ્મચર્ય આજે કોઈએ જોયું નથી. આત્માની એવી નિર્ભયતા જાણે લગભગ અદૃશ્ય બની છે. ઈમાન નથી, ધર્મ નથી, લુચ્ચાઈ છે. સગવડીઓ ધર્મ છે. માન્યા માટે માથું આપવાની તમન્ના નથી. સેવામાંય સ્વાર્થની મોકાણ છે. નિષ્કલંક ચારિત્ર્ય આજે દુર્લભ બન્યું છે. મૃત્યુભયની બેપરવાઈ આજે દેખાતી નથી. કલ્યાણનો પ્રેમનો ઝરો જાણે માનવીના હૃદયમાંથી શોષાઈ ગયો છે. ચિંતા, અસંતોષ ને ઈર્ષા આજે માનવજીવનનાં વિશિષ્ટ અંગ બન્યાં છે. મોટાઈમાં ખોવાયાં છે. દેહનું જ પૂરું ભાન નથી ત્યાં આત્માની યાદ કોને હોય !

પ્રેમનો એ અફાટ ઝરો, બ્રહ્મચર્યનો એ મહાન પ્રતાપ, આત્માનું એ દિવ્ય સામર્થ્ય જ્યાં ભેગું મળ્યું ત્યાં જે કાર્ય થાય તે આજે ચમત્કાર લાગશે.

માંકડના ચટકાને મોહના મટકા ગણી આનંદ માનનાર, કીંગડાને, કુતરાને, નદીને પોતાનાં ભાઈ લેખનાર દિવ્યપ્રેમીને શું અશક્ય છે ?

શ્રીમદ્ લખે છે : 'એકવાર કબૂતર પર કવિતા લખતાં કબૂતર બીજી પંક્તિએ ડાયરી પર આવીને બેઠું.”

ઝવેરી મૂળચંદ આશારામ કહે છે : “કુતરાંને જોઈ તેઓ પ્રેમભરી વાણીમાં કહેતા 'કુતરાભાઈ, છો તો મજામાં ને ?”

પણ જવા દો આ વાત ! જ્યારે કોઈ આત્માનો સંગી મળે ત્યારે એનો નિર્ણય કરીશું !

મોટરમલજી નામના એક મારવાડી ભક્ત હતા. અદ્ભુત આજ્ઞાપાલક. એની દીક્ષા લેવાની ઇચ્છા થઈ. મુનિરાજ ચાહતા હતા કે વધુ ધમાલ વગર દીક્ષા આપી દેવી, ગામ આખામાં ખબર પડી ગઈ, ને સહુ નારાજ થયેલા. બધાને આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું.

“દીક્ષા ઉત્સવ તો એવાઓને શોભે કે જે કાં તો લક્ષ્મી તજીને આવતો હોય, કાં સરસ્વતી લઈને આવતો હોય! મારા શા વરઘોડા !”

આ મોટરમલજી—મુનિ વેશે ઉત્તમસાગરજી, સુરિજીના અનન્ય ભક્ત હતા. એકવાર સુરિજીએ હસતાં હસતાં કહ્યું : “મારી ગમે તેવી આજ્ઞા પાળે તેવો કોઈ શિષ્ય છે ખરો.”

ઉત્તમસાગરજી પાસે હતા. તેમણે કહ્યું : “કુવામાં પડવાની આજ્ઞા કરો તો કુવામાં પડું. આજ્ઞા આપો.”

“નહીં પાળી શકો આજ્ઞા !”

“જરૂર પાળીશ.”

“તો ચોરપટ્ટો કાઢીને માંડો દોડવા.”

કુવામાં ઝંપલાવવું સહેલું હતું. આ કાર્ય મુશ્કેલ હતું. એ રીતે સુરિજીએ એમના અભિમાનને ફટકો માર્યો કે નાનવાએ મજાકી ન કરવી. આજે જ્યાં પ્રેમ ત્યાં કાલે પ્રેમાભાવ થતાં વાર લાગતી નથી.

ભક્તો કહેતા : “સાહેબજી, લોકો ટીકા કરે છે કે આપ હમણાં હમણાં ગામોગામ જતા નથી.”

“શું જવાએ જઉં ?” ને સુરિજી ક્ષણભર સમાધિમાં સ્થિર થઈ ગયા. થોડીવારે જાગીને કહ્યું : “યાત્રા કરી આવ્યો એટલો આનંદ મળી ગયો. બાકી તો જગ જે કહેતું હોય તેને કહેવા દે ! ભાઈ, પેલું યાદ છે ને ! “મોકો કહાં ઢુંઢે બંદે,

મેં તો તેરી પાસમેં.”




"તેઓ સાચા સાધુ છે. આવા થોડા જ વધુ સાધુઓ હોય તો ભારતવર્ષનો ઉદ્ધાર હાથમાં છે."

—શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ.

The most brilliant jewel of learning has been snatched from the Jains.

—Bhailal Jain H M. B.
Municipal Commissioner,
KATNI.

The death of Acharya Shree Budhisagarjee Maharaj has caused an irreparable loss to the Jain Community.

The Bombay Chronical
21, June '25.

બુદ્ધિસાગરજી મહારાજ એટલે જૈન સાહિત્યની સરીતા, યોગની પ્રેરણા, અને નિરપેક્ષપણાનો નિવાસ.

—જૈન પત્ર, ૧૪ જુન, '૨૫.

...શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી માત્ર જૈન ધર્માચાર્ય જ નહોતા. પરંતુ વિશ્વ ધર્માચાર્ય હતા, એમ કહેવું અતિશયોક્તિ ભરેલું જણાતું નથી...

કુદરત ક્યારના એમને એક મરણ મગજનું હતા.

—જયંતિલાલ ઓચ્છવલાલ મહેતા
બી. એ. એલએલ. બી.
વડોદરા.

...શ્રી બુદ્ધિસાગરસુરિજીનું સાહિત્ય એટલે ? એને હિંદુ પણ વાંચી શકે, જૈન પણ વાંચી શકે, અને મુસ્લિમ પણ વાંચી શકે. સૌને સરખું ઉપયોગી થઇ પડે એવું એ કાવ્ય સાહિત્ય. શ્રી બુધ્ધિસાગરસુરિજીને આપણા ભક્ત અને જ્ઞાની કવિઓની હારમાં મૂકી દે એવું છે. એનું એજ તત્ત્વજ્ઞાન, એનો એજ રાગ-દ્વેષથી પર જવાનો બોધ, એની એજ પાર્થિવ સુખો પ્રત્યેની સાધુશોભન બેપરવાહી. સત્તા અને ધનના દુરુપયોગ સામેની મસ્ત ઉપેક્ષા—એમના કાવ્યોની માફક એમના જીવનમાં પણ તરી આવે છે. સાથે સાથે એક માનવીના અનુકંપાનાં દૃષ્ટાંતો તેમના જીવનમાં અનેક વેરાયેલાં પડયાં છે...આર્ય સંસ્કૃતિના એક ભવ્ય નમૂના સરખા શ્રી બુદ્ધિસાગરસુરિજીને ગુજરાત ફરી ઓળખે અને તેમના જીવનમાંથી એકાદ અંશ કે અંશનો અંશ મેળવી કૃતાર્થ થાય એજ અભિલાષા.

— સ્વ૦ રમણલાલ વસંતલાલ દેસાઈ
વડોદરા, ૨૫ ઓગસ્ટ, ૧૯૪૯.

.....જૈન સાધુઓએ હજારો વર્ષોથી પ્રજાઓને અને પ્રજાના આગેવાનોને શુધ્ધ ધર્મલાભ આપ્યો છે. એવા અનેક સાધુઓમાં શ્રીમદ્ બુધ્ધિસાગરસુરિજી મહારાજનું સ્થાન ચોક્કસ પ્રથમ રહેશે....

—પ્રો, કેશવલાલ હિંમતલાલ કામદાર.
( ઇતિહાસ, અર્થશાસ્ત્ર ને રાજશાસ્ત્રના
પ્રોફેસર

...ગુજરાતના જૈનો અને ઇતર કોમો માટે એમણે હાડ-ચામ વેચી આપ્યાં હતાં...

—શેઠ હીરાલાલભાઇ

..મને પોતાને એઓશ્રીએ જૈન ધર્મનું સ્વરૂપ પ્રથમ મુલાકાતે જે દ્રષ્ટિએ સમજાવ્યુ તે દ્રષ્ટિ મેં અગાઉ કોઇ જૈન બંધુ પાસેથી સાંભળી ન હતી. મેં જ્યારે એ મિમાંસા સાંભળી ત્યારે મારી ઘણા અંશે ધર્મની ભેદભાવ દ્રષ્ટિ ઓછી થઇ અને હું જૈન ધર્મનો પૂજારી બન્યો.......

—મૂલચંદ

બુદ્ધિસાગરજી એ ગુજરાતી પદ્ય સાહિત્યના દલપતરામ, બુદ્ધિસાગરજી એટલે ગુજરાતી સાહિત્યના પ્રેમાનંદ. બુદ્ધિસાગરજી એટલે ગુજરાતી સાહિત્ય સરિતાના સાગર. બુદ્ધિસાગરજી એટલે પ્રખર ઉત્સાહ મૂર્તિ.

બુદ્ધિસાગરસુરિ એટલે પ્રબલ વિચાર આંદોલન પ્રગટાવનાર વિચારક. બુદ્ધિસાગરસુરી એટલે જૈન શાસનનો ભારતમાં વિજય ડંકો વગાડવાની તમન્ના રાખનાર વીરભક્ત. બુદ્ધિસાગરસુરી એટલે પ્રચંડ વિચાર શક્તિનો મહાસાગર.

બુધ્ધિસાગર એટલે સરળતા અને નમ્રતાનો આલય.
બુધ્ધિસાગર એટલે જૈનતત્ત્વનો પ્રચારક.
બુધ્ધિસાગરસૂરી એટલે શાસન હિત ચિંતક સંતમણિ.

—ચંદ્રકાંત

શ્રી આદીશ્વર દાદાનું દેરાસર—પાલીતાણા



ફોટો વિજયકુમાર શીપા, ખંભાત

# ધરતીનું ગીત....

લેખક : વિમર્શ.

"ધ...ડી...મ..."

અને લાઠીના એકજ ફટકે ભેંસ પૂછ દબાવીને ભાગી ગઇ !...

એ ફટકો ચૂક્યો હોત તો સાધુ રામશરણ થઇ ગયા હોત પણ સાધુ બચી ગયો. ફટકો કામ કરી ગયો. સાધુ જીવી ગયા !...

"ભાઇ ! પશુને આમ મારીએ નહિ..."

'પણ એ તમારો જાન લઇ નાંખત. એવા હરાયા ઢોર તો લાઠીએ જ પાંસરા થાય...'

'ભાઇ ! એને પણ જીવ છે હોં. એના આતમાને પણ દુઃખ થાય છે. અને બિચારા ! એ મૂંગા પ્રાણીઓ એમની વેદના કોને કહે ? મારવામાં ધર્મ નથી ભાઇ !...'

શબ્દો હૈયાની ભીનાશ લઇને સરતા હતા. કરુણામાં એ પલળીને ટપકતા હતાં.

'પણ મહારાજ ! મેં તમને બચાવીને તો પુણ્ય પેદા કર્યું છે.'

'અમારા નિમિત્ત કોઇને મરાય નહિ, ભાઈ ! અમારે મન તો બધા જ જીવો સરખા છે.'

બધા જીવો સરખા ? મારવામાં ધર્મ નહિ ? નવું હતું આ બધું. પહેલાં કદીય આવું સાંભળ્યું ન હતું. અરે ! આવો કોઈ માનવ જોયો ન હતો !

મોં પર જીવંત શાંતિ બેઠી હતી. આંખોમાંથી અમાપ કરુણા છલકતી હતી. શરીરમાંથી એક તેજ-રેખા નીતરી રહી હતી. એવું એ ભાવકીનું બોલતો હતો કે જાણે અંદરથી એના તરફ ખેંચાતો હતો. અને એવા ધીમા પગલે ચાલતો કે રખેને નાની કીડી પણ પગ તળે કચડાઇ ન જાય !...

કીશોર એ મહાત્માને જોઈ રહ્યો. એ પગે પડ્યો.

'મહારાજ ! મને પ્રભુ મળે ખરા ? મારે એમના દર્શન કરવા છે.'

'બેટા ! તું ખુદ પ્રભુ બની શકે છે.'

'મહારાજ ! એ કેવી રીતે ?'

'ઉપાશ્રયે આવજે. એ બધું જ તને હું બતાવીશ.'

કીશોરનું મન નાચી ઊઠ્યું. હું હવે ભગવાન બની શકીશ...માનવ મટી હું ઇશ્વર થઈશ !...

અને ઈશ્વર બનવાની આ ધૂને એના જીવને પાનું બદલ્યું !!...

ઉપાશ્રયે રોજનો થઇ ગયો. જૈન સાધુનો સંગ નિત્યનો બની ગયો. વીતરાગની પૂજા શરૂ થઇ ગઇ. સ્યાદ્વાદની આરાધના મંડાઈ ગઇ.

ખેતી છૂટી ગઇ. ખેતર ભૂલાવા માંડ્યું.

ખેડૂતનો બાળ સમ્યક્ જ્ઞાનની સાધના પાછળ લાગી ગયો.

જનમના સંસ્કાર છૂટી ગયાં. જનમની ભાવનાઓ બદલાઇ ગઇ. જીવન આખાનું ધ્યેય પલટાઇ ગયું !...

'માનવનું દુઃખ જોઇ બીજા માનવની આંખ રડી ઊઠે છે. ત્યારે ભગવાન નિર્દય બની જ કેમ શકે ? એ મૂંગો બેસી જ શા માટે રહે ? ના...ના... કંઇ મોટી ભૂલ થાય છે.

ઇશ્વર સર્જનહાર નથી. એ દુઃખ આપતો નથી. સુખની એ લ્હાણી કરતો નથી...

તો પછી એક દુઃખી ને બીજો સુખી: એ ગરીબને તે તવંગર; પેલો રોગી ને આ નિરોગી; આ બધું કેમ ? આવા વિસંવાદ શાથી ?

આવી અનેક પ્રશ્નાવલીનો એ જવાબ શોધે છે. અને...

કર્મ જીવનના ઘાટ ઘડે છે. એ જ જિંદગીના અવનવા આકાર સર્જે છે...

... કર્મની આ ફિલસુફી એના જીવનને ગમી ગઇ. અને એ એણે જીવનમાં પણ ઉતારી લીધી

કાદવમાંથી કમળ જનમતું હતું !!!...

ધરતીનું એ સંતાન હતો. ખેડૂતનો એ દીકરો હતો. ખેતી એનો ધંધો હતો.

મા વિષ્ણુની પૂજારણ હતી. બાપ શિવનો આરાધક હતો. ને દીકરો વીતરાગનો ચેલો બને જતો હતો.

પણ ધર્મની ત્યારે સાંકડી દીવાલો નહતી. સંપ્રદાયોની જડ પકડ નહતી સત્ય એ ધર્મ હતો. સારું એ બધું મારું હતું. ગુણની એ પૂજા હતી. ચારિત્ર્યને ત્યારે વંદન હતાં.

અને એ માબાપે કંઇજ રોકટોક ન કરી.

દીકરો ભણવા લાગ્યો. એ લખતો થયો. એ વાંચતો થયો. વિચારો એના મગજમાં ઊભરાવા લાગ્યાં. જ્ઞાનની ભૂખ વધવા લાગી.

અને આ બધુંય બન્યું કારણ એના બાપને કોઇ સાધુએ કહ્યું હતું : 'શિવાભાઇ ! દીકરો તમારો કોઇ મહાપુરુષ થવાનો છે.'

આથી બાપે આશીષ આપ્યાં અને એ જ્ઞાનની ભૂખમાં ભટકવા લાગ્યો.

ત્યાં મહારાજનો ભેટો થઇ ગયો. મંઝિલની પગથાર મળી ગઇ !...

પણ સાચા જૈનત્વના સંસ્કાર એટલા સરળ નથી.

રવિશંકર શાસ્ત્રીએ કીધું : 'તને હું ભણાવું, પણ રાત્રે ખાવાનું બંધ કરવું પડશે. લસણ ડુંગળી વ. કંદમૂળ છોડવા પડશે.'

એના માટે આ કડક શરત હતી. જે ઘરમાં એ જનમ્યો હતો એ ઘરમાં એ બધું સ્વાભાવિક હતું. સીમમાંથી પાછા વળતાં અંધારું તો રોજ થઇ જાય. સાંજનું વાળુ તો રાત્રે જ લેવાતું. અને રોટલાનો બટકો ને ડુંગળીનું ડચકું એ જ તો એમનો એક ખોરાક હતો. વળી જન્મગત એ બધાનાં સંસ્કાર હતાં.


**રૂ. ૧૦-૦૦ વાર્ષિક લવાજમ ભરી આજેજ ગ્રાહક તરીકે આપનું નામ નોંધાવશો.** પોસ્ટ ખર્ચ જુદું.

**ઘર, લાયબ્રેરી, ભેટ, લહાણીને યોગ્ય સાહિત્ય ચાર વર્ષમાં પુસ્તકોની ચતુર્મુખી ગંગા વહેવડાવનાર સસ્તી ને સંસ્કારી ગ્રંથમાલા**

**શ્રી જીવન-મણિ**

**સદ્વાચનમાળા ટ્રસ્ટ**

ન સાવ શુષ્ક સાહિત્ય

ન સાવ અપરસ સાહિત્ય

સર્વરસભર્યું–નીતિબોધભર્યું

**ઘર, લાયબ્રેરી, ઇનામ, ભેટને યોગ્ય રૂપકડું સાહિત્ય**

–: લખો :–

**શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ**

હઠીભાઇની વાડી સામે, દિલ્હી દરવાજા : **અમદાવાદ.**

પણ અંતરની લગન હતી. આતમની ધૂન હતી. રાત્રે ખાવાનું બંધ કર્યું. લસણ, ડુંગળી મૂકી દીધાં. અને આસન જમાવી એ મા શારદાની આરાધનામાં લાગી ગયો !...

ભણવાનું ભૂત વળગ્યું હતું જોતજોતામાં તો એ વિદ્યાર્થી મટી જૈન પાઠશાળાનો એ અધ્યાપક બની ગયો...!

પણ અંતરની તમન્ના કંઈ જુદી હતી. આતમની ઝંખના બીજી જ હતી.

જીવનમાં જાણે હજુ કંઈક ખૂટતું હતું. એ જે માંગતો હતો તે મળ્યું ન હતું એ ઊણપ એને સાલતી હતી. એ અધૂરપ એને અકળાવતી હતી. શિક્ષણનો વ્યવસાય એણે માંગીને લીધો હતો. એ માટે એણે રૂપિયાના ઢગ ખડકતી વકીલાત છોડી હતી. પ્રતિષ્ઠા અને આબરૂ આપતી અવલ કારકુનીને જતી કરી હતી.

જીવનને સાચા અર્થમાં કંચન બનાવવું હતું. જિંદગીને ખરા અર્થમાં સંસ્કારવી હતી. એને કંઈક બનવું હતું. અને એ માટે તો સમાજે જેને 'પંડુજી' કહે છે એવો એ પંડુજી બન્યો હતો.

પણ એની ભૂખને સંતોષ નહતો. એની તરસને કોઈ તૃપ્તિ નહતી

એનું દિલ વિસંવાદ અનુભવતું હતું. આતમ એનો મહામંથન અનુભવતો હતો :

'સંસાર સ્વીકારૂં કે સાધુતા ? સાધુત્વ એ જ સાચો માર્ગ છે. આત્માની ઓળખ એના સાક્ષાત્કાર માટે એક જ માર્ગ છે.

તો પછી મારી કૌટુંબીક જવાબદારીનું શું ! માત પિતાનું મારા પર ઋણ છે એનું શું ?

શું આ જિંદગીને બે ચાર માણસોની સરભરામાં ખર્ચી નાખું ? જીવનની શું સાર્થકતા એમાં જ છે ? કર્તવ્ય એમાં જ સમાપ્ત થઈ જાય છે ?

તો પછી મારૂં આ જ્ઞાન શા કામનું ? આત્માની આ ઝીણી ચર્ચા ને અભ્યાસ શા કામના ? કર્મનું આ પીંજણ આટલા વરસો સુધી કર્યું તે શું એક કન્યાને પરણીને સંસાર માંડવા માટે ?

ભણવું કમાવું સંસાર માંડવો એમાં જ શું જીવનની ઇતિશ્રી કરી દેવી ?

સમાજ પ્રત્યે મારી કંઈ જ ફરજ નહિ ? એનું મારા માથે શું જરાય ઋણ નથી ? જે ધર્મે મારા જીવનને સંસ્કારી બનાવ્યું, જે ધર્મે મને જીવન જોવાની અને જીવવાની સાચી નિર્મળ આંખ આપી એ ધર્મ માટે શું મારી કોઈ જ ફરજ નથી ? "

સંસાર એને જરૂર ખેંચતો હતો. પરંતુ એના ઉપભોગની એમ લાલસા ન હતી. એનું અંતર તો દોડતું હતું પેલા સાધુત્વ ભણી, ઊર્મિઓ તો નાચતી હતી પેલા અલખના ભજન પર.

રાતની ઊંઘ ગઈ હતી આ મનોમંથનમાં જીવમાંથી જંપ ગયો હતો આરામ ગયો હતો. શાંતિ ગઈ હતી. જીવન હવે ઉકેલ માગતું હતું :

સંસાર કે સાધુત્વ ? ? ?......

ત્યાં સમાચાર આવ્યા : "તમારા માત પિતા ચાર પાંચ દિવસના આંતરે દેવલોક પામ્યા છે. "

માબાપનું મૃત્યુ !!! આઘાત અસહ્ય આવી ગયો હૈયું ભરાઈ આવ્યું. પણ આયુષ્ય કર્મ એ ભણીને બેઠો હતો. કર્મના એ ખેલ અનુભવ કરીને બેઠો હતો.

આયુષ્ય ખતમ થયું અને દેહ ગુજરી ગયો. જનમવું ને મરવું એ જ સંસાર.

આ એનું ચિંતન હતું.

એણે શોક ન કર્યો પોક ન મૂકી. હૈયું એનું ભાંગી ન ગયું કર્મની બધી લીલા છે. અને બધો વ્યવહાર એણે પતાવી દીધો.

હવે તો રસ્તો સરળ હતો. બસ, હવે એકજ મંઝિલ ! જીવનનું હવે એક જ કાર્ય !

'ગુરૂદેવ ! મારી દીક્ષાનું મુહૂર્ત જુઓ. મેં નિર્ણય કરી લીધો છે. આ જીવન હવે જૈનધર્મને અર્પણ કરૂં છું.'

અને ગામડાનો એક ભોળું બાળ વિ. સં. ૧૯૫૭ના માગસર સુદ છઠના રોજે જૈન સાધુ બની ગયો !....

હવે કોઈ બંધન નહતાં. મુક્ત વિહાર હતો. સમુદ્રનું સૌન્દર્ય હતું. આદિત્યનો સથવારો હતો. આતમના વિકાસમાં હવે કોઈ રૂકાવટ નહતી.

અને અલખની ધૂનમાં એ લગની લાગી ગયો.

પણ ગુફામાં આસનને એ બેસી ન રહ્યો. પદ્માસન વાળીને એ માત્ર આત્માનું ધ્યાન જ ધરીને એ પડ્યો ન રહ્યો.

એ વરસોથી શીખ્યો હતો. મારું જે કાંઈ છે એ માનવજાતના કલ્યાણ માટે છે. મારું જ્ઞાન તે માનવના ઉત્થાન માટે છે.

સાધુ બન્યો હતો. એ જૈન ધર્મને શ્રમણ થયો હતો. પ્રમાદને એ જાણતો નહતો. પ્રવૃત્તિમાં એ નિવૃત્તિનો સમન્વય કરતો હતો.

એના જીવનમાં એ સદાય જાગૃત રહ્યો છે. અવિરત જ્ઞાન, ધ્યાન, લેખનમાં એ મશગૂલ રહ્યો છે.

આનંદઘનજી પછી એ જ એક અલખનો અવધૂત જોવા મળ્યો છે.

પણ એ બધું ય છતાં એ યાદ રહેશે એની સાહિત્ય સર્જના માટે રહેશે. અને તેમાંય તો એક ક્રાંતિકારી સાહિત્યકાર તરીકે સદાય અમર રહેશે.

એણે નવલકથા એકેય નથી લખી. નાટકનો એકેય અક્ષર નથી માંડ્યો. વાર્તા પણ લખી નથી. મહાકાવ્યના પણ મંડાણ નથી કર્યા. કલ્પનનો વિહાર એણે નથી કર્યો.

તો કોઈ કહે, તો એ સાહિત્યકાર શાનો ?

તો એણે ધર્મના તત્ત્વોનું જે ચિંતન સર્જ્યું કે એનો કોઈ જોડ નથી. જૈન ધર્મ, દુનિયા સમજી શકે એવી રીતે મૂકવામાં એણે જે અથાગ શ્રમ વેઠ્યો છે. એની કોઈ કીંમત મૂકી શકાય એમ નથી.

માત્ર ગણત્રીના જ વરસોમાં એણે સવાસો ગ્રંથોની સર્જના કરી છે. એણે જે કંઈ વાંચ્યુ છે વિચાર્યું છે, અનુભવ્યું છે, એની દૃષ્ટિમાં એણે જે ભાવિ જોયું છે; એ બધું જ એણે શબ્દોમાં ગૂંથ્યુ છે.

જૈન તત્ત્વજ્ઞાન એણે ખરા અંતરથી પચાવ્યું છે અને ધર્મના આંધળા ઝનૂનથી નહિ પણ એક


## જાહેર ખબરના ભાવ

| | વાર્ષિક | છ માસિક | ત્રિમાસિક | માસિક |
|---|---|---|---|---|
| ટાઇટલ પેજ ચોથું :- | ૩૨૫ | ૧૭૫ | ૧૦૦ | ૩૫ |
| ” પેજ ત્રીજું :— | ૨૫૦ | ૧૩૦ | ૭૦ | ૨૫ |
| ૧ | ૧૭૫ | ૧૦૦ | ૬૦ | ૨૦ |
| ૧/૨ | ૧૦૦ | ૬૦ | ૩૫ | ૧૫ |
| ૧/૪ | ૬૦ | ૩૫ | ૨૦ | ૮ |
| ૧/૮ | ૩૫ | ૨૦ | ૧૨ | ૫ |

વધુ વિગત માટે લખો :—

**શ્રી. તંત્રીઓ, “બુદ્ધિપ્રભા” કાર્યાલય,**

C/o શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહ

૩૦૯/૪ ખત્રીની ખડકી,

દોશીવાડાની પોળ, અમદાવાદ

સત્યધર્મ–સાચા ધર્મની ખરી દાઝથી એણે જૈન ધર્મની સમજ આપી છે.

ખ્રિસ્તીઓના આક્ષેપનો "**જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો તથા ખ્રિસ્તી જૈન સંવાદ**" લખીને એનો સચોટ જવાબ આપ્યો છે. લાલા લજપતરાયને પણ તેમના ગલત વિધાનોનો જડબાતોડ જવાબ વાળ્યો છે. સ્થાનકવાસીઓને પણ મૂર્તિપૂજાનું રહસ્ય સમજાવ્યું છે." **તત્વજ્ઞાન, તત્ત્વજ્ઞાન દીપિકા, જૈન તત્ત્વજ્ઞાન, શિષ્યોપનિષદ, જૈન દૃષ્ટિએ ઈશાવાસ્યોપનિષદ, ભાવાર્થ અને વિવેચન**, વગેરે અર્થ ગંભીર ગ્રંથો લખી જૈન ધર્મનું ખરું હાર્દ સમજાવ્યું છે. જૈન દર્શનના સ્યાદ્વાદ સિદ્ધાંતની એમાં ઘણી જ સરળતાથી. સુંદર સમજ આપી છે.

અને અનેક વિષયો પર, સમાજની અનેક સમસ્યાઓ પર, રાષ્ટ્રના સળગતા સવાલો પર, જીવનના અનેક સંવેદનો પર ધર્મના તત્ત્વો પર, એણે ભજનો ગાયા છે. એવા, એણે ભજનોના અગિયાર દળદાર સંગ્રહો આપ્યા છે! વિષયોનું વૈવિધ્ય, વિચારોની એકસૂત્રતા, શબ્દ સામર્થ્ય, વિષયને યોગ્ય એવું ઊંડું, ગંભીર ચિંતન અને કલાત્મક શબ્દગૂંથણી તેમજ સરળ શૈલી વગેરે અનેક બાબતો એ સંગ્રહોમાં જોવા મળે છે.

અલખના એમાં ઘોષ સંભળાય છે. વ્યવહારૂ પુરૂષના બોલ એમાં સંભળાય છે. ક્રાન્તદૃષ્ટાની યુગવાણી એમાં સંભળાય છે. સમાજની નિર્દય વ્યવસ્થા પર આગ ઝરતી જબાન એમાં સંભળાય છે. અરે! તેમાં એક કુશળ નેતાગીરીનો ઉકેલ પણ જોવા મળે છે.

એને જે સાચું લાગ્યું છે એ એણે નિડરતાથી લખ્યું છે, કહ્યું છે. જૈન સમાજ, જૈનો, જૈન સાધુઓ માટે એના જેટલું કડક ને નિર્ભય બીજા કોઈએ લખ્યું નથી.

રાષ્ટ્રની સમસ્યાઓ પર પણ એનો પોતાનો સ્વતંત્ર મત રજુ કર્યો છે. પત્રો દ્વારા, ડાયરીના પાના પર જાહેર વ્યાખ્યાનોમાં માનરંજનના એક અંકના શુભેચ્છક તરીકે એણે ઘણું લખ્યું છે, ઘણું ઘણું કીધું છે.

કદાચ આ બધુંય કોઈને સાંપ્રદાયિક લાગે, પણ સંપ્રદાયની વાડમાં પુરાવું એ શીખ્યો ન હતો. એ તો સ્યાદ્વાદનો સાચો આરાધક હતો.

અને એની સાક્ષી તો એનો મુકુટમણિ '**કર્મયોગ**' પુરે છે. લોકમાન્ય તિલક જેવા ગીતાના અઠંગ અભ્યાસીએ પણ આ માટે લખ્યું હતું:—**"જો મને એમ ખબર હોત કે તમે આ કર્મયોગ લખી રહ્યા છો તો હું મારો કર્મયોગ કદી ન લખત..."**

જીવનમાં એણે બીજું કંઈ જ ન લખ્યું હોત અને માત્ર આ '**કર્મયોગ**' જ જો એ મૂકી ગયો હોત તો પણ એ અમર બની જાત.

પ્રવૃત્તિ ને નિવૃત્તિ, કર્મ ને યોગ, સંસાર ને સાધુત્વ આદિ અનેક બાબતોની એણે ઘણી જ દલીલોથી તેમાં ચર્ચા કરી છે. એ માટે દુનિયાભરના ઇતિહાસમાંથી એણે દૃષ્ટાંતો આપ્યાં છે. જીવન પ્રવૃત્તિ માટે છે. જીવન કર્મ માટે છે. એ એક યોગ છે. એ સાધના છે. એની તેમાં એણે ઘણી સુંદર છણાવટ કરી છે. એ આખોય ગ્રંથ વાંચતા લાગે કે એણે ૨૫૦૦૦ પુસ્તકો માત્ર વાંચ્યા નથી એના પર ઊંડુ મનન કર્યું છે. ઝીણું અવગાહન કર્યું છે. અને પછી એણે આ '**કર્મયોગ**' લખ્યો છે

એના ગ્રંથનું તમે કોઈપણ પાનું ઉથલાવો ક્યાંય તમને બીજા ધર્મનો દ્વેષ જોવા નહિ મળે. કોઈ વ્યક્તિની ટીકા કે નિંદા વાંચવા નહિ મળે. સત્યની સાધનાના જ બધે દર્શન થશે.

અને એના સાધુ વ્યવહારમાં પણ એવો જ એ વિશાળ ને ઉદાર દિલનો હતો. આથી જ તો વસંતના મહાકવિ શ્રી નાનાલાલ લખે છે: "એના દિલની ઉદારતા પર સંપ્રદાયિઓને વશીકરણ કરતી. જ્ઞાન અને ભક્તિ–પરમાત્મ યોગ માટે જરૂરનાં છે પણ મનુષ્યોનાં મનુષ્ય પ્રતિના ધર્મ ઘણા વિસરે છે.

તે પોતે પોતાના સંકોચના દુર્ગમાં ભરાઇ રહે છે એ મહાનુભાવ વિરાગતામાં ખેલતાં. સંપ્રદાયમાં તો એ શોભતાં પણ અનેક સંપ્રદાયોના સમુદાય સંઘમાં પણ એમની તેજસ્વિતા અજાણી નહોતી."

એ સમર્થ સાધુ હતો. ઊંડો ચિંતક હતો. ક્રાંતકારી સુધારક હતો. અલખનો અવધૂત હતો. નિજાનંદ મસ્તીનો અદ્વિતીય કવિ હતો. એ અજોડ ગદ્યકાર હતો.

માનવ તરીકે એ મહાન હતો. સાધુ તરીકે એ ભવ્ય હતો. વિરાટ હતો.

માનવજીવનના ઉત્કર્ષ માટે એણે જીવનની પળેપળ ખર્ચી નાખી છે શેઠ હીરાલાલભાઈના શબ્દો મૂકું તો— "ગુજરાતના જૈનો અને ઇતર કોમો માટે એણે હાડ–ચામ વેચી આપ્યા હતા."

યુગ દૃષ્ટા હતો એ. જીવનનું ભાવિ પણ એણે જાણી લીધું હતું. હવે વધુ સમય પોતે જીવે તેમ નથી એનો એને અગાઉથી ખબર પડી હતી.

ત્યારે મુનિરાજ શ્રી સિદ્ધમુનિજી એમની સેવામાં હતા તેઓએ શ્રીમદ્‌ને પૂછ્યું : 'તમે વધારે સમય આ સંસારમાં હયાત રહો તો શું મહત્ કાર્ય કરો ? અથવા જો હયાત ન રહી શકો એમ લાગે તો તમારી ઇચ્છાને અનુસરનાર શાસને તમે શું કરવા કહો ?'

અને બુઝાતા દીપે છેલ્લો ઝગારો કર્યો…

"હું હવે ઝાઝો સમય કાઢીશ નહિ. પણ માનો કે હું વધારે જીવું તો એ મહુડી પ્રદેશમાં એક ગુરૂકુલ માટે પ્રયત્ન કરું. કે જેમાંથી સમર્થ જૈનો બને એવા પિતાઓ તૈયાર થાય અને સમર્થ આચાર્યો બને એવા નિઃસ્પૃહી નિવડે તથા નેતાઓ થવાને ભોગ આપનારા પણ પાકે.

આ કાર્ય હું ન કરી શકું તે શ્રી અજીત-સાગર આદિ શિષ્યો બને નમે તે કરે. એમ હું ઇચ્છું છું.

બાકી મારું લેખન કાર્ય તો મારી જિંદગીના અંત સુધી લગભગ ચાલુ જ રહેશે…"

અને વિ. સં. ૧૯૮૧ના જેઠ વદ ત્રીજે એ દીપ બુઝાઈ ગયો !…જ્યોત એની વિલાઈ ગઇ !..

એ જનમ્યો ખેડૂત બનીને. એ ઉછર્યો જૈન થઇને. જીવ્યો એ સાધુ બનીને અને એણે છેલ્લી આંખ મીંચી ત્યારે એ અવધૂત બન્યો હતો સંત થયો હતો.

અંબાબાઈએ એને જન્મ આપ્યો. શિવાભાઈએ એને મોટો કર્યો. શ્રી નથ્થુભાઇ મંછારામે એને સંસ્કાર આપ્યાં. રવિશંકર શાસ્ત્રીએ એનું ઘડતર કર્યું. પૂજનીય શ્રી રવિસાગરજી મહારાજે એને આશીર્વાદ આપ્યા.

એ ધૂળમાં રમતો હતો ત્યારે એ બહેચર હતો. વંદનીય સુખસાગરજીએ એને શિષ્યત્વ આપ્યું ત્યારે એ બુદ્ધિસાગર બન્યો.

અને જ્યારે દુનિયાને એણે છેલ્લી સલામ ભરી ત્યારે—

લાખ લાખ વંદન હો એ અધ્યાત્મ જ્ઞાન દીવાકરને.

કોટી કોટી પ્રણામ હો એ યોગ વિજેતા કર્મયોગીને.

નમસ્કાર હો એ દિવ્ય જ્યોતિર્ધર સદ્‌ગુરૂદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરજીને.

આમ કહી એને અંજલી અર્પી…

ધરતીનું સંતાન સંસ્કારદાતા બનીને જીવી ગયો. માટીનું બાળ મહામાનવ બની ગયો.

શત કોટી વંદના હો એ વિશ્વ વિરલ, વિરાટ વિભૂતિને…

# શાસન સમાચાર

## ખંભાત

પ. પૂ. સ્વ. જૈનાચાર્ય શ્રીમદ્વિજય કલ્યાણ-સુરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન, પ્રસિધ્ધ વકતા પૂ. મુનીશ્રી કુશળવિજયજી મહારાજ સાહેબનાં દર રવિવારે અત્રે જાહેર પ્રવચન રાખવામાં આવે છે.

## અગાસી

પરમ પૂજ્ય આ. મ. સા. શ્રી. કીર્તિસાગર સુરીશ્વરજીના શિષ્યરત્ન શ્રી. પ્રસિધ્ધ વકતા પં. પ્ર. શ્રી. સુબોધસાગરજી મણિવર્ય આદિ ઠાણા ૪ ભાવ-નગરથી વિહાર કરીને અગાસી પધાર્યા છે. અત્રે થોડા દિવસ સ્થિરતા કરી તેઓ મલાડમાં ચાતુર્માસ માટે જવાના છે.

## મહેસાણા

" મહેસાણા પાઠશાળાના ૨૭ વિદ્યાર્થીઓએ શ્રી રાજનગર ધાર્મિક ઇનામી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઇ રૂા. ૧૭૯-૦૦નાં ઇનામો મેળવ્યાં છે. વિદ્યાર્થી-ઓની વાર્ષિક, ધાર્મિક, સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, વ્યાકરણ, સંગીત, નામુ, ઈંગ્લીશ આદિ વિષયોની પરીક્ષા વૈશાખ વદમાં જૈન વિદ્વાનો મારફત લેવરાવ-વામાં આવી હતી. "

" પરીક્ષક કાન્તિલાલ ભાઇચંદ મહેતા તા. ૯-૬-૬૧ના રોજ પરીક્ષા અંગે દક્ષિણ ગુજરાતના પ્રવાસે ઉપડશે.

## વિદાયગીરી

મહેસાણા પ્રાંતના મદદમાર ન્યાયાધીશ શ્રીયુત અમૃતલાલ કાલીદાસ શાહની બદલી ભાવનગર ખાતે થતાં વિદાયગિરિનો સમારંભ તા. ૪-૬-૬૧ના રોજ સાધાર્મિક સેવાસંઘના નેતૃત્વ નીચે યોજાતાં વકીલ શાન્તિલાલ, પરીક્ષક વાડીભાઇ વકીલ, ચિમનલાલ શાહ પ્રોસીક્યુટર અંબાલાલ શાહનાં પ્રસંગોચિત ભાષણો થયા બાદ હારતોરા એનાયત થયેલ. અલ્પા-હાર બાદ સભા વિસર્જન થઇ હતી.

## કાળધર્મ પામ્યા

પૂ. પન્યાસજી. શ્રી રવિવિજયજી મહારાજ (ડહેલાવાલા) પ્ર. જેઠ સુદ ૭ ના રાત્રે બાર વાગે પાટણ ખેતરવસીના ઉપાશ્રયે સમાધિ પૂર્વક કાળ-ધર્મ પામ્યા છે, સ્વર્ગસ્થ છેલ્લાં પાંચ વર્ષથી બીમાર હતા. સુડતાલીસ વર્ષના દિક્ષા પર્યાયમાં સુંદર આરાધના કરી સરલ અને ભદ્રપ્રકૃતિથી અનેક જીવો પર જ્ઞાનદાનાદિ ઉપકાર કરેલ, અંત સમયે છેલ્લા દિવસોમાં ઉત્કટ આરાધના કરી પૂ. રામસૂરીજી મહારાજ આદિ સકળ સંઘે સુંદર આરાધના કરાવી, કલાકો સુધી શ્રી નવકાર મંત્રનો પ્રચંડ પ્રઘોષ સાંભળતાં સાંભળતાં બાર વાગે દેહત્યાગ કર્યો. કાલના સમાચાર મળતાં કુવાલા, ચાણસ્મા, અમદાવાદ વિગેરે સ્થળોથી સંઘના આગેવાનો આઠમને સવારે આવી પહોંચતાં ભવ્ય સ્મશાન યાત્રા નિકળેલ, સુંદર તાસથી મઢેલ પાલખીમાં દેહને પધરાવી વાજતે ગાજતે જય જય નંદાના ઘોષ સાથે શહેરમાં ફરી નદી કિનારે પવિત્ર ભૂમિમાં અગ્નિદાહ દેવામાં આવેલ. ઉપજ પણ ઠીક પ્રમાણમાં થયેલ, શ્રી. ખેતરવસી સંઘે સ્વર્ગસ્થની વૈયાવચ્ચ ભકિત અને અંત સમયની ક્રિયામાં ઘણો સારો લાભ લીધો હતો.

## મોટીવાવડી

મોટીવાવડી (પાલીતાણા) ગામે ગત વર્ષમાં શાંતિસ્નાત્ર-મહોત્સવ થયેલ તેનો વર્ષ પૂર્ણ વૈશાખ સુદિ ૧૩ના થતાં મુનિ તિલકવિજયના પંન્યાસજી ભુવનવિજયજી મ. સાહેબ તથા મુનિશ્રી મહિમાવિજયજીને વિનંતી કરતાં પાલીતાણાથી પધારેલ, તેરશના દિવસે પૂજા, આંગી, ભાવના અને નવકારશી ખુબ જ સારી રીતે થયેલ. ચૌદસના દિવસે પંન્યાસજીએ સવા લાખ નવકાર મંત્રનો સમુહ જાપ આયંબિલ કરાવવા વિચાર રજુ કરતાં સંઘની શાંતિ અર્થે અપુર્વ લાભ તે જ દિવસે સૌએ લીધો. અને ૪૧ આયંબિલ અને સવાલાખ નવકાર મંત્રનો જાપ સમુહમાં નાના એવા ગામમાં થયો. આયંબિલ કરનારાઓને જસરાજ રણછોડ તરફથી પ્રભાવના થઇ હતી.

## સુચના

ભેટ પુસ્તકો છપાઇ ગયા છે. જેમના લવાજમો હજુ સુધી બાકી છે તેઓએ સત્વરે નીચેના સરનામે ભરાવી દેવા. **બાકી લવાજમના સભ્યોને ભેટ પુસ્તકનો** લાભ નહિ મળે.

**બુદ્ધિપ્રભા કાર્યાલય**

૩૦૯૨/૪, ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,

**અ મ દા વા દ.**

## આવતો અંક

**આ અંક ૨૦-૨૧મા અંક તરીકે પ્રગટ થાય છે, એટલે આવતો અંક બંધ રહેશે.**


## આપ કથાભારતીના ગ્રાહક થયા ?

"કથાભારતી" કેવળ શાસનસેવાના ઉદ્દેશથી શરૂ થયેલ સચિત્ર દ્વિમાસિક પત્ર છે, જે પાંચ વર્ષથી નિયમિત પ્રગટ થાય છે.

નાના-મોટા સૌને એક સરખો બોધ અને આનંદ આપે છે. સુંદર વાર્તાઓ સરળ શૈલીમાં સચિત્ર અપાય છે. શ્રી જિનેશ્વરદેવના આગમશાસ્ત્રથી વિરુદ્ધ જતી કોઈ કથા-વાર્તા આમાં લેવામાં આવતી નથી. બાળકોને નિર્ભયતાથી આ વાર્તાઓ વાંચવા આપી શકાય છે. એકએકથી ચઢિયાતા અંકો આપી દિન-પ્રતિદિન પ્રગતિ કરી રહેલ છે. સમાજના સહકારથી ચાલી રહ્યું છે.

વાર્ષિક લવાજમ નજીવું રૂા. ૨-૮-૦ રાખવામાં આવ્યું છે, તો આપ તાકીદે લવાજમ ભરી શાસનસેવાના કાર્યમાં સહકાર આપશો.

**(૧) કથાભારતી કાર્યાલય,**
C/o શ્રી ભાનુ સ્ટોર્સ,
**ચીમનલાલ કેશવલાલ શાહ**
નાનીશ્રીજીના ઉપાશ્રય સામે, ફતાસા પોળમાં
દુ. નં. ૯૬/૭, **અમદાવાદ.**

**(૨) શા. બાબુલાલ સકરચંદ** વીજાપુરવાળા
C/o **બાબુલાલ રમણલાલ** ટોપીવાળાની કું.
૨ ૭ અગિયારીલેન, ધનજી સ્ટ્રીટ,
**મુંબઇ-૩.**

# શાસન સમાચાર

## જુના ડીસા

પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર શ્રીમદ્ ઋદ્ધિસાગર સૂરીશ્વરજી ઠાણા ત્રણ જુના ડીસા સંઘની આગ્રહપૂર્વક વિનંતીનો સ્વીકાર કરી અમદાવાદથી વિહાર કરી દ્વિ જેઠ સુદી ૪ને શની-વારના શુભ મુહૂર્તે અત્રે ચાતુર્માસ માટે પધાર્યા છે.

## ગઢ

પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજી મ. સા., બુધ્ધિપ્રભાના પ્રેરક મુનિરાજ શ્રી ત્રૈલોક સાગરજી, શ્રી અશોકસાગરજી, શ્રી જયાનંદ-સાગરજી આદિ ઠાણા પાટણ, સાગરગચ્છના ઉપાશ્રયેથી વિહાર કરી અત્રે ચાતુર્માસ માટે પધાર્યા છે.

પૂ. સા. મ. શ્રી સૂર્યપ્રભાશ્રીજી તથા સા. મ. ચંદ્રપ્રભાશ્રીજી તથા શ્રી પ્રિયદર્શનાશ્રીજી તથા નવ-દીક્ષિત શ્રી ચારૂશિલાશ્રીજી આદિ ઠાણા, વડી દીક્ષાના યોગ કરવા માટે પૂજ્યપાદ આચાર્ય દેવેશ ૧૦૦૮ શ્રી કીર્તિસાગરજીની નિશ્રામાં ગઢ ચાતુર્માસ માટે પધાર્યા છે.

## માટુંગા ( મુંબઇ )

પરમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સાહેબ શ્રી કૈલાસસાગરજી ગણિવર્ય આદિ ઠાણા જેઠ વદી ત્રીજના રોજ શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજીનો જયંતિ સમારોહ ઉજવવા શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયે પધારશે.

## અમદાવાદ

શ્રી અમદાવાદ તથા સાણંદ સંઘની, અત્રે પૂ. પં. પ્ર. શ્રી મહોદયસાગરજી આદિ ઠાણા ચાતુ-ર્માસ માટે પધારે તેવી વિનંતીનો આ. મ. સા. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજીએ સ્વીકાર કર્યો છે. અને તેઓશ્રીની આજ્ઞા મળવાથી પૂ. પં. પ્ર. શ્રી મહોદય-સાગરજી, મુનિશ્રી દુર્લભસાગરજી, શ્રી સુરેન્દ્રસાગરજી અત્રે ચાતુર્માસ માટે પધારશે.

## મલાડ (મુંબઇ)

પૂજ્યપાદ પ્રસિધ્ધ વક્તા બાલ બ્રહ્મચારી પન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી ગણિવર્ય આદિ ઠાણા જેઠ વદી ત્રીજના શ્રીમદ્ જયંતિ સમારોહ ઉજવીને મલાડ ચાતુર્માસ માટે પધારનાર છે.

## મુંબઇ (માટુંગા)

પૂ. પ. પ્ર. શ્રી સુભદ્રસાગરજી ઠાણા બે, આગમોની વાંચના લેવા નિમિત્તે પૂ. ઉપાધ્યાયજી મ. સા. શ્રી કૈલાસસાગરજીના નિશ્રામાં માટુંગામાં ચાતુર્માસ માટે સ્થિરતા ધારણ કરનાર છે.

## શ્રી શંખેશ્વર તીર્થયાત્રા વિહાર

પૂજ્યપાદ પ્રશાન્ત મૂર્તિ આચાર્ય પ્રવર શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી તથા પંન્યાસ પ્રવર શ્રી. મહોદયસાગરજી ગણિવર્યાદિ ઠાણાઓ સાત પાટણ, રાજકાવાડા ઉપાશ્રયેથી પ્ર. જેઠ સુદી ૧ ના રોજ વિહાર કરી કુંણઘેર, ચાણસ્મા, કંબોઇ, હારીજ આદિને શંખેશ્વર પ્રગટ પ્રભાવક તીર્થ યાત્રાદિ ક્ષેત્ર-સ્પર્શના પામી જેઠ વદી ૮ ના રોજ બાલકુમારી બેન તરલા બાબાની દીક્ષા નિમિત્તે શ્રી. સાગરગચ્છ ઉપાશ્રયે પધાર્યા હતા.

પ્રથમ વિહારે કુણઘેર પધારતાં સંઘ તરફથી ઉમળકાભેર સામૈયું, ઘર ઘર દીઠ ગહુલીઓ, વ્યાખ્યાનવાણી. પ્રભાવના સાથે ભક્તિ ભાવથી

પુજા ભણાવવામાં આવેલ શ્રી. કુણઘેર સંઘની અતિ આગ્રહપુર્વક વિનંતી થતાં બે દિવસની સ્થિરતા પામતાં પૂ. આચાર્ય ભગવંતશ્રીની પ્રેરણાથી શ્રી. શાન્તિનાથ જૈન પાઠશાળાની સ્થાપના થવા પામેલ અને સમીવાળા અધ્યાપક શ્રી. મંગળદાસ ગુલાબચંદની નિમણુંક થવા પામેલ છે.

## ચાણસ્મા

કુણઘેરથી જેઠ સુદી ૩ ના રોજ પુ. આચાર્ય દેવાદિ, ઠાણાએ ચાણસ્મા પધારતાં સંઘની વિનંતીથી પાંચ દિવસની સ્થિરતા પામવા સાથે વ્યાખ્યાન વાણીનો લાભ લેવા સાથે શ્રી. બાબુ પરસનના સ્મરણાર્થે શા. સોમચંદ ગભરૂચંદ તરફથી શ્રી. વીશ સ્થાનકની પુજા રાગરાગણીથી ભણાવવામાં આવેલ અને તે નિમિત્તે પેંડાની પ્રભાવના, આંગી તેમજ રાત્રે ભાવના વિ. થવા પામેલ અને પ્રથમ જેઠ સુદી ૭ ને સોમવારે ચાણસ્માથી કંબોઈ તીર્થે પધાર્યા હતા.

## હારિજ—મુજપુર

હારિજ મુકામે બે દિવસ સ્થિરતા પામી પુ. આચાર્ય દેવાદિ ઠાણાઓ ચાર, મુજપુર થઈને તેમજ પં, શ્રી. મહોદયસાગરજી અણિવર્યાદિ ઠાણાઓ ત્રણ સમી થઈને શંખેશ્વર પ્રથમ જેઠ સુ ૧૨-૧૩ ના રોજ પધાર્યા હતા.

## મુજપુર

સ્વ. શેઠ મોહ્નકદાસ મોહનલાલના સુપુત્રો તથા શા. રતીલાલભાઈ તથા વકીલ શ્રી. અમૃતલાલભાઈ તથા સરકારી દવાખાનાના ફીઝીશીયન ડોક્ટર શ્રી. નટવરલાલ ત્રીવેદી વિ.ની વિનંતી થતાં જતાં આવતાં બંન્ને ટાઈમ રાગે ચોકમાં જાહેર પ્રવચનો રાખવામાં આવેલ

શ્રી. શંખેશ્વર તીર્થે યાત્રાએથી પાટણ પધારતાં હારીજથી મુનિ દુર્લભસાગર મુનિવર્યશ્રી સુરેન્દ્રસાગરજી, બુદ્ધિપ્રભાના પ્રેરક: મુનિવર્યશ્રી ત્રૈલોક્યસાગરજી ઠાણા ત્રણ બોરતવાડા પધારતાં બપોરના જાહેર પ્રવચન મુનિવર્ય શ્રી. સુરેન્દ્રસાગરજીએ તથા મુનિવર્ય શ્રી ત્રૈલોક્યસાગરજીએ આપેલ.

## શ્રી. કુંણઘેર શ્રી. શાન્તિનાથ જૈન પાઠશાળાનું ઉદ્‌ઘાટન

દ્વિ જેઠ સુદી ૨ને ગુરૂવારે પ્રાત: શુભમુહૂર્તે મુનિ દુર્લભસાગર તથા મુનિવર્ય શ્રી અશોકસાગરજી ઠાણા-૨ની સાન્નિધ્યતાએ સરકારી દવાખાનાના ફીઝીશીયન ડોક્ટર બારેજા નિવાસી ધર્મસંસ્કારી શ્રી. નવીનચંદ્ર શાહના શુભહસ્તે શેઠ પ્રેમચંદભાઈ રવચંદભાઈ વિ૦ સંઘ સમસ્ત સરવે આગેવાનોની હાજરીમાં ઉત્સાહપૂર્વક ઉદ્‌ઘાટન થવા પામેલ છે તે નિમીત્તે શ્રી સ્નાત્ર પૂજા પ્રભાવના વિ. થવા પામેલ છે.

## ધીણોજ

શા. હરગોવીંદદાસ લીલાચંદભાઈની પૂ. માતુશ્રી રતનબેન ઉ. વ. ૭૦ના કાળધર્મ પામતાં લોકાચાર વ્યવહારનો ત્યાગ કરી, તેના બદલે ચાતુર્માસના ચાર મહીના સુધીનો જૈન પાઠશાળાનો તેમજ આયંબીલ ખાતુ ચલાવવાનો ખર્ચ આપવા ઉદારતા દર્શાવેલ છે.

# સાભાર સ્વીકાર

૨૦) શ્રા. પ. પૂ. સાધ્વીજી શ્રી રત્નશ્રીજી મહારાજના સદુપદેશથી શ્રી પાટણ નિવાસી શા ચીમનલાલ વાડીલાલભાઈ તરફથી

૨૫ રૂા. શ્રી પાટણ નિવાસી શા દીપચંદભાઈ મયાચંદભાઈ તરફથી તેઓનાં સ્વ. પૂ. માતુશ્રીનાં સ્મરણાર્થે. હા. શા હીરાલાલ લલ્લુભાઈ

## શ્રી કેશવલાલ વાડીલાલની પ્રેરણાથી તથા શ્રી મનસુખલાલ લહેરચંદના સહકારથી

### પંચવર્ષિય

૧ શ્રી૦ ફીકાભાઈ ઈશ્વરીગિરી ચાણસ્મા
૨ ,, કેશવલાલ વાડીલાલ ભીવંડી (મહારાષ્ટ્ર)
૩ ,, રમણલાલ રાયચંદ ,,
૪ ,, ચંપકલાલ જેઠાલાલ ,,
૫ ,, જગજીવનદાસ નિહાલચંદ ,,

### વાર્ષિક

૧ શ્રી૦ સકરચંદ નિહાલચંદ ભીવંડી (મહારાષ્ટ્ર)
૨ ,, પનાલાલ ચીમનલાલ કલકત્તા
૩ ,, બાબુલાલ પોપટલાલ ફુલચંદ મુંબઈ-૩
૪ ,, ફૂલચંદ લહેરચંદ મુંબઈ-૨
૫ ,, અમૃતલાલ પુનમચંદ ,,
૬ ,, ડાહ્યાલાલ રામચંદ બોરીવલી
૭ ,, મફતલાલ જેસંગલાલ વડાવલી
૮ ,, કસ્તુરચંદ પ્રેમચંદ ચાણસ્મા
૯ ,, સેવન્તીલાલ જેઠાલાલ ,,
૧૦ ,, હરખચંદ ભીખાચંદ ,,
૧૧ ,, છમનલાલ મયાચંદ ,,
૧૨ ,, વર્ષીલાલ પોપટલાલ ,,
૧૩ ,, મનસુખલાલ લહેરચંદ ,,
૧૪ ,, વકીલ સુરજમલ પુનમચંદ ,,
૧૫ ,, ભૂજલાલ સોમચંદ ,,
૧૬ ,, ત્રીકમલાલ વાડીલાલ ,,
૧૭ ,, ગોવીન્દજી કરમચંદ ,,
૧૮ ,, પુનમચંદ ગભરૂચંદ ,,
૧૯ ,, સેમચંદ ચુનીલાલ ,,
૨૦ ,, રતનચંદ મોહનલાલ ,,
૨૧ ,, મહાસુખલાલ લીલાચંદ ,,
૨૨ કૉર્પોરેટ દીલીપકુમાર પ્રભુદાસ ,,
૨૩ શ્રી૦ ચીમનલાલ ઉત્તમચંદ ,,
૨૪ ,, જયંતીલાલ પુનમચંદ ,,
૨૫ ,, ચંદુલાલ પુનમચંદ ,,
૨૬ ,, રાયચંદ હરીચંદ ,,
૨૭ ,, રતનચંદ ડાહ્યાચંદ ,,
૨૮ ,, શીવલાલ ડાહ્યાચંદ ,,
૨૯ ,, શીવલાલ તારાચંદ ,,
૩૦ ,, ગૌતમચંદ તુલજારામ ,,
૩૧ ,, ગોવીન્દજી મોહનલાલ વડાવલી
૩૨ ,, કેશવલાલ સંગજીભાઈ ,,

## માસ્તર એન. બી. શાહ અને શ્રી. પ્રેમચંદ શીવલાલ સમીવાલાના સહકારથી

### પંચવર્ષિય

૧ વકીલ અમૃતલાલ મણીલાલ હારીજ
૨ દોશી રમેશચંદ્ર સકરચંદ ,,
૩ પટવા કાન્તિલાલ બુલાખીદાસ ,,
૪ વોરા હિંમતલાલ રતીલાલ ,,
૫ ,, રમણીકલાલ મુલચંદ કું. ,,
૬ શ્રી. જેસંગલાલ નગીનદાસ રણુંજવાળા હારીજ
૭ ,, મનહરલાલ મોહનલાલ ,,
૮ ,, છોટાલાલ નાથજીભાઈ ,,
૯ ,, પોપટલાલ મોહનલાલ ,,
૧૦ ,, મનસુખલાલ ઝવેરચંદ ,,
૧૧ ,, શાન્તિલાલ લાલચંદ ,,
૧૨ ,, કેસરીચન્દ મણીલાલ ,,
૧૩ ,, મોહનલાલ જેચંદભાઈ ,,

## પ. પૂ. મુનિરાજ શ્રી મનોજ્ઞસાગરજીના સદુપદેશથી થયેલા ગ્રાહકો

### પંચવર્ષિય

૧ શ્રી દશા શ્રીમાળી જૈન લાયબ્રેરી. રાંધેજા
C/o. માણેકલાલ હકસુખભાઈ

૨ શ્રી૦ માહમાવિજયજી જૈન લાયબ્રેરી  છટાદરા
૩ ,, જુઠાલાલ સ્વરૂપચંદ  ગોરેગાંવ
૪ ,, મંગળદાસ બી. શાહ  અમરેલી
ઇન્કમટેક્ષ પ્રેક્ટીશનર
૫ ,, મફતલાલ મણીલાલ  વાણીયાવેડા

### વાર્ષિક

૧ શ્રી૦ કાન્તિલાલ અમથાલાલ  સંખેજ

## માસિકના આકર્ષણથી

### પંચવર્ષિય

૧ શ્રી૦ ચંદુલાલ મોતીલાલ વખારીયા  વીજાપુર
૨ ,, મફતલાલ પ્રેમચંદ  ,,
૩ ,, ડૉ. છોટુભાઈ ગોવિન્દજી  ,,
૪ ,, કાન્તિલાલ ચેલાભાઈ  ,,
૫ ,, કોદરલાલ તલકચંદ  ,,
૬ ,, નવિનચંદ્ર જગજીવનદાસ  ,,
૭ ,, કોઠારી અમૃતલાલ હિંમતલાલ  ,,
૮ ચોકસી નગીનદાસ ગોકલદાસ  ,,
૯ ,, શાન્તિલાલ મોતીલાલ
૧૦ શ્રી રમેશચંદ્ર દલસુખરામ  પીલવાઈ
૧૧ શ્રી૦ ચંદુલાલ કસ્તુરચંદ  મુંબઈ-૩
૧૨ ,, માણેકચંદ નિહાલચંદ પેથાપુરવાળા નં. ૧
૧૩ ,, લક્ષ્મીચંદ ગોવીન્દજી  ખાર
૧૪ ,, અમૃતલાલ ચુનીલાલ  ઉમેટા
૧૫ ,, પોપટલાલ દલસુખભાઈ  અમદાવાદ
૧૬ ,, મોહનલાલ ચુનીલાલ  ,,
૧૭ ,, લીલાચંદ ફુલચંદ  ચુંવાલ
૧૮ ,, મનસુખભાઈ તારાચંદ  નાયકા
૧૯ ,, જૈન સંઘ  મુ. ગાંભુ
૨૦ ,, પુનમચંદ ડાહ્યાલાલ  બોરતવાડા
૨૧ ,, ડૉ૦ નટવરલાલ ત્રીવેદી કડીવાળા મુજપુર
૨૨ ,, હરગોવીન્દદાસ લીલાચંદ  મુ. ધીણોજ

### દ્વિવાર્ષિક

૧ શ્રી૦ કેશવજી વીરજીભાઈ  ત્રીથાર
૨ માસ્તર કીર્તિલાલ અમૃતલાલ  ભટાંમલ
૩ જયાબેન હીરાલાલ શેઠ  સાવરકુંડલા
૪ માસ્તર શેવન્તીલાલ પ્રેમચંદ  ઇન્દોરસીટી
૫ શ્રી૦ બાબુલાલ કકલચંદ  સમોડ

### વાર્ષિક

૧ શ્રી૦ શાન્તિલાલ મણીલાલ  માસરરોડ

૨ પરીખ ચંદુલાલ મનસુખરામ  અમદાવાદ
૩ શ્રી૦ મોહનલાલ છગનલાલ ઝઘેરવાળા  આમોદ
૪ ,, જમનાદાસ રવચંદ  ગંભીરા
૫ ,, માણેકલાલ ફુલચંદ  નડીઆદ
૬ ,, શાન્તિલાલ ભલાભાઈ  અમદાવાદ
૭ તલાટી અંબાલાલ મથુરદાસ  ,,
૮ મધુસુદન પી. ત્રીવેદી  ,,
૯ શ્રી૦ ચીનુભાઈ માધવલાલ  ,,
૧૦ ,, ભરતકુમાર કાન્તિલાલ  ,,
૧૧ ,, શાન્તિલાલ ફુલચંદ  ,,
૧૨ ,, વિનોદચન્દ્ર મણીલાલ  સમૌ
૧૩ સૌ૦ સુશીલાબેન કાન્તિલાલ ઝવેરી  મુંબઈ
૧૪ શ્રી૦ હરચંદ વીરચંદ  આખજ
૧૫ ,, મોહનલાલ પુંજીરામ  મુંબઈ
૧૬ ,, કાન્તિલાલ પ્રેમચંદ  વીજાપુર
૧૭ ,, જેસંગલાલ હાથીભાઈ  કાંદીવલી
૧૮ ,, ડાહ્યાલાલ સવાઈચંદ  ડુનાવાડા
૧૯ ,, શેવન્તીલાલ કાળીદાસ  પાટણ

### પંચવર્ષિય

૧ શ્રી૦ ચંદુલાલ લલ્લુભાઈ  બોરૂ
૨ ,, પનાલાલ કેશવલાલ  રાજકોટ
૩ ,, જેસંગલાલ મોહનલાલ  મુંબઈ-૨
૪ ,, રસીકલાલ એમ. શાહ  ,, ૨
૫ ,, ચીનુભાઈ બાપુલાલ મોતીવાલા  ,, ૩
૬ ,, રમણલાલ ચીમનલાલ  ,, ૧
૭ ,, ચીનુભાઈ મણીલાલ  ,, ૬
૮ ,, રસીકલાલ તલકચંદ  જમણપુર
૯ ,, ચુનીલાલ ઉત્તમચંદ  મુંબઈ-૨
૧૦ ,, ચંદુલાલ માણેકલાલ  ,, ૩
૧ શ્રીમતી વીજીબેન હંસરાજ  પાટણ
૨ શ્રી. કીર્તિકુમાર અમૃતલાલ  ,,
૩ ,, વાડીલાલ ડાહ્યાભાઈ  ,,
૪ ,, બાબુભાઈ લક્ષ્મીચંદ  ,,
૫ ,, જેસંગલાલ નહાલચંદ  ,,
૬ ,, કાન્તિલાલ ખેમચંદ  મુંબઈ-૬
૭ ,, ભોગીલાલ મોતીલાલ  મુંબઈ-૪
૮ ,, બાબુલાલ ભોગીલાલ  મુંબઈ-૨
૯ ,, તેમચંદ જેચંદભાઈ ગટવાળા  પાટણ
૧૦ શ્રીમતી સુભદ્રાબેન ગીરધરલાલ સંઘવી  પાટણ

## * "બુદ્ધિપ્રભા" ના માનદ્ પ્રચારકો *

૧ નાનાલાલ હીરાલાલ એન્ડ કું. એડન કેમ્પ

૨ રમણિકલાલ ચીમનલાલ દાણી
૪૦/-અરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા.

૩ નાનાલાલ ચીમનલાલ
શાહપુરી પેઠ, કોલ્હાપુર (મહારાષ્ટ્ર)

૪ શ્રી. કેશવલાલ વાડીલાલ ભીવંડી (જી. થાણા)

૫ જયંતીલાલ લલ્લુભાઇ દલાલ, પર-ચંપાગલી, મુંબઇ-૨

૬ રજનીકાન્ત ગીરધરલાલ
૫૫-શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથે માળે, મુંબઇ-૩

૭ દાણી પોપટલાલ લક્ષ્મીચંદ
૬૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩

૮ ચંદુલાલ જે. શાહ ખંભાતવાળા
૬૩/૬૭ ચકલા સ્ટ્રીટ, બીજે માળે, મુંબઇ-૩

૯ ગણેશ પરમાર
ઝ્હેરી મેનશન, કમલટોકીઝ સામે, મુંબઇ ૪

૧૦ શ્રી. હસમુખભાઇ રાયચંદ
૧૪૦, શીયાપુર, વડોદરા.

૧૧ શાંતિલાલ કેશવલાલ, દેવશાના પાડાની સામે,
અનિલ વિવાસ, ત્રીજે માળે, અમદાવાદ.

૧૨ અમૃતલાલ સકરચંદ
રતનપોળ, ઝવેરીવાડમાં આંબલીપોળ. અમદાવાદ.

૧૩ ચંદુલાલ એમ. પરીખ, ગુસા પારેખની પોળ,
દેરાસર પાસેની ખડકીમાં, અમદાવાદ.

૧૪ રતીલાલ કેશવલાલ પ્રાંતીજવાળા
ધના સુતારની પોળ, અમદાવાદ.

૧૫ શ્રી બબલદાસ દીપચંદ, નાગજી ભુધરની પોળ,
દેરાસરવાળો ખાંચો, અમદાવાદ

૧૬ પ્રવીણચંદ્ર છોટાલાલ
જૈન દેરાસર પાસે, અમદાવાદ-૫ સાબમતી.

૧૭ નાગરદાસ અમથલાલ મહુડીવાળા
૨૬/-જૈન સોસાયટી, અમદાવાદ-૭

૧૮ મુનીમ કાન્તિલાલ હઠીસીંગભાઈ
જૈન દહેરાસરની પેઢી, નરોડા

૧૯ બાબુલાલ ચંદુલાલ, દીપકભુવન, જૈન દેરાસર પાસે
મણીનગર અમદાવાદ-૮

૨૦ સાગરગચ્છ કમીટીની પેઢી, સાણંદ.

૨૧ હસમુખભાઇ ગોવિંદજી મહેતા, સાણંદ

૨૨ શ્રી ગીરધરલાલ મંગળદાસ
જૈન ભોજનશાળા, માતર

૨૦ શ્રી લલ્લુભાઇ રાયચંદ
C/o ભારત વાચ કું૦ સ્ટેશનરોડ, આણંદ

૨૪ બાપુલાલ મોતીલાલ
વાસણના વહેપારી, કંસારા બજાર, નડીઆદ.

૨૫ રમણલાલ જેચંદભાઇ, કાપડ બજાર, કપડવંજ

૨૬ હરગોવિંદદાસ સંપ્રીતદાસ અધ્યાપક,
શ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર, કપડવંજ.

૨૭ શેઠ મનુભાઇ માણેકલાલ, આંત્રોલી.

૨૮ નટવરલાલ માધવજી
જુની દરજી બજાર રાજકોટ

૨૯ નગીનદાસ જસરાજ, જીવનનિવાસ, પાલિતાણા

૩૦ દીનકરરાવ મોહનલાલ, ઘોઘીશેરી, .શિહોર (સૌરાષ્ટ્ર)

૩૧ પારિ ન્યાલચંદ ડાહ્યાભાઈ, શિયાણી, લિંમડી થ.

૩૨ ભોગીલાલ નરોતમદાસ ધોલેરાવાળા
C/o. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સુરેન્દ્રનગર

૩૩ પટવા રમણલાલ રતીલાલ
આણંદીયાની ખડકી વીરમગામ

૩૪ મનસુખલાલ અમૃતલાલ કારપટીયા,
રાજકાવાડો, અબજી મહેતાનો પાડો પાટણ

૩૫ અધ્યાપક જેચંદભાઇ નેમચંદ ખેતરવસી, પાટણ

૩૬ ભોગીલાલ અમથાલાલ વખારીયા
C૦ શ્રીમદબુદ્ધિસાગરસૂરી જૈન જ્ઞાન મંદિર,
વીજાપુર (ઉ. ગુ.)

૩૭ શ્રી ઘંટાકર્ણ મહાવીરની પેઢી (મુનીમ)
મુ. મહુડી તા. વીજાપુર (ઉ. ગુ.)

૩૮ ભોગીલાલ ચીમનલાલ, ઉપાશ્રય પાસે, મહેસાણા

૩૯ શ્રી. મનસુખલાલ લહેરચંદ ચાણસ્મા

૪૦ શ્રી. હરગોવીન્દદાસ લીલાચંદ ધીણોજ

૪૧ માસ્તર એન. બી. શાહ હારીજ

૪૨ ચીમનલાલ રતનચંદ સાંડસા
રાજપુર (ડીસા) જી. બનાસકાંઠા

૪૩ જેસંગલાલ લક્ષ્મીચંદ દાણી, ગઢ (જી. બનાસકાંઠા)

૪૪ મનુભાઇ ખીમચંદ આંકલાવ

૪૫ ચતુરદાસ ભીખાભાઇ વટાદરા

# એકલવીર....

અનેક મધુભરી પાંખડીઓવાળું એ સુવર્ણકમળ! એ કમળના 'જલ કમલવત્' જીવનમાં કદી યોગીની આહલેક સંભળાય છે, કદી પ્રેમયોગીની પુકાર સંભળાય છે, કોઈવાર ગોપીચંદનાં ગીત ને કોઇવાર મહાકવિ રામચંદ્રનાં આગ્રાહી ગાન સંભળાય છે! કોઇવાર અધ્યાત્મયોગી મહાવીરની અહિંસા અને ક્રાંતિની ગૂંજ સંભળાય છે! કોઇવાર કાળગુફામાં કોઇ જોગ જોગંદરનાં દર્શન થાય છે! તો કોઇવાર મસ્તફકીરીના આહલેક સંભળાય છે! કોઇવાર એકસો આઠ અમર શિષ્ય સર્જવા એ કમર કસીને કલમ કસતા જોવાય છે. તો કોઇવાર ત્યાં કર્મવાદ ને રાષ્ટ્રવાદના નાદ સંભળાય છે!

એ યોગિત્વ, એ સાધુત્વ, એ કવિત્વ, એ વકતૃત્વ, એ આત્મપ્રેમ, એ મસ્તી, એ દિલદિલાવરી અનોખી હતી. કવિ, તત્ત્વજ્ઞ, વકતા, લેખક, વિદ્વાન, યોગી, અવધૂત, એકલવીર, એમ અનેક સરિતાના સંગમ એ બુદ્ધિ-અબ્ધિમાં (બુદ્ધિ-સાગર)માં થતા જોવાય છે. ખરેખર, આપણું શ્રદ્ધાતત્ત્વ બહુ મોળું હોવા છતાં આપોઆપ કહી દેવાય છે કે,

એ એકમાં અનેક હતા
અનેકમાં એ એક હતા.........

....વિભાજિત માનવતાને એક સાંકળે બાંધનારી જૈન ફિલસુફની એ છબી હતી. પ્રચંડ, પ્રતાપી, નિર્મુકત, નિર્વ્યાજ, કુળ, જાતિ, જાતપાંત વિહોણી, ગગનવિહારી જૈન સાધુતાના શેષસમી એ છબી હતી.

એમાં જીવનનો ઝણકાર હતો. બ્રહ્મચર્યનો ચમકાર હતો. આત્મપ્રેમનો પ્રકાશ હતો. વૈરાગ્યનો વિકાસ હતો. સાહિત્યની સર્જના હતી. યોગનો અધિકાર હતો. સત્યશોધનની ઝંખના હતી........

—જયભિખ્ખુ

આ માસિક માણેકલાલ હરજીવનદાસ શાહે "ગુજરાત ટાઇમ્સ" પ્રિન્ટીંગ પ્રેસ નડીઆદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુધ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ ઝોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.